# મોતી વેરાયા ચોકમાં

(ગુજરાતી ભાષાની સાચા મોતી જેવી કેટલીક કાવ્યપંક્તિઓનો સંગ્રહ)

છેલ્લો ફેરફાર: તા. ૮ જૂલાઈ, ૨૦૨૧

ભલ્લા હુઆ જુ મારિઆ બહિણિ મહારા કન્તુ
લજ્જેજ્જં તુ વયંસિ અહુ જઇ ભગ્ગા ઘરુ એન્તુ
(ભલું થયું કે મરાયા બહેની મારા કંથ જો
લાજી મરત સખિઓમાં ઘેર ભાગી આવ્યા હોત તો)
-હેમચંદ્રાચાર્ય

પુત્તેં જાયેં ક્વણું ગુણ અવગુણુ ક્વણુ મૂએણ
જા બપ્પીકી ભૂંહડી ચંપી જઈ અવરેણ
(એવા પુત્રજન્મનો સાર શો શોક શો એના મૃત્યુથી
પિતૃ ભૂમિ જેના જીવતાં અરિ પગ તળે ચંપાય જો)
-હેમચંદ્રાચાર્ય

અમ્હે થોવા રિઉ બહુવ કાયર એમ્વ ભણન્તિ
મુદ્ધિ નિહાલ હિ ગયણયલુ કઈ જોણ્હ કરન્તિ
(અમે થોડા, રિપુ ઘણા, કાયર એમ ભણે
માથે જો કે ગગન ઉપર ઉજાસ કોણ કરે)
-હેમચંદ્રાચાર્ય

જીવિઉ કાસુ ન વલ્લહઉં, ધણ ખુણ કાસુ ન ઈટ્ઠું
દોણ્ણિ વિ અવસરનિવડિઆંઈ તિણ સમ ગણઈ વિસિટ્ઠુ
(વહાલું ન કોને હો જીવવું, ધન કોને ન હો ઈષ્ટ
અવસર આવ્યે આ બેયને તૃણવત્ ગણે વિશિષ્ટ)
-હેમચંદ્રાચાર્ય

બાંહ વિછોડવિ જાહિ તુહું હઉં તેવંઈ કો દોસુ
હિઅયટ્ઠિઉ જઈ નીસરહિ જાણઉ મુંજ સરોસુ
(હાથ છોડાવી જાય તું, એમાં તને શું આપું દોષ
રૃદિયામાંથી નીકળી જો, ને જોજે મારો રોષ)
-હેમચંદ્રાચાર્ય

અહ્મેં નિંદઉ કોવિ જણ અહ્મેંઈ વણ્ણઉ કોવિ
અહ્મે નિંદહું કેવિ નવિ નહ્મઈ વણ્ણહું કંવિ
( નિંદો અમને કોઈ જન સ્તવો અગર જન કોઈ
નવ નિંદા-સ્તુતિ કોઈની ભણિયે અમો કદીયે )
-હેમચંદ્રાચાર્ય

મરજો ને કાં મારજો પૂંઠ ન દેજો લગાર
સહિયર મેણાં મારશે કહી કાયરની નાર

કંથા રણમાં પેઠકે, કેની જોવે વાટ
સાથી તારાં ત્રણ છે; હૈયું, કટારી, હાથ

કંથા તું કુંજર ચઢ્યો હેમ કટોરા હથ્થ
માંગ્યા મુક્તાફળ મળે પણ ભીખને માથે ભઠ્ઠ

સેણ સગાયું કીજીએ, જેવી કુળની રીત,
સરખેસરખાં ગોતીએ, વેર, વેવાઈ ને પ્રીત

દળ ફરે, વાદળ ફરે, ફરે નદીના પૂર
શૂરા બોલ્યા ના ફરે, પશ્ચિમ ઊગે સૂર

વેર, વ્યસન, વૈભવ ને વ્યાજ
વ્હાલાં પણ વેરી થઈ કરશે તારાજ

મુખ મોરો માથે મણિ, ઝેર તજ્યું નહિ નાગ,
સંગત છતાં સુધર્યો નહિ, મોટું તેનું અભાગ.

નામ રહેતા ઠક્કરાં, નાણાં નહી રહંત
કીર્તિ કેરા કોટડાં, પાડ્યા નહી પડંત

જનની જણ તો ભક્તજન કાં દાતા કાં શૂર
નહિ તો રહેજે વાંઝણી રખે ગુમાવે નૂર

વરીએ જોઈને જાત, મરતાં યે મૂકે નહિ,
પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહિ.

કડવાબોલો શેઠિયો, જૂઠાબોલી નાર
નિત્યજમાઈ પરોણલા, એ તો માથે ભાર

મૂરખને મોભો નહિ, કાસદને નહિ થાક
નિંદકને લજ્જા નહિ, નકટાને નહિ નાક

મોતી ભાંગ્યું વીંધતા, મન ભાંગ્યું કવેણ;
ઘોડો ભાંગ્યો ખેડતાં, એને નહીં સાંધો નહીં રેણ

કરવત, કાતર, કુજન, એ વહેરી જુદાં કરંત
સૂઈ, સુહાગો, સજ્જન, ભાંગ્યાં એ સાંધંત

અતિ પ્રેમી ને બહુ ઋણી, જેને વેર ઘણાંય
સુખે ન સૂએ કોઈ દી, આ ત્રણ જણાય

અવેજ ખોયો આવશે, ગયાં મળે છે ગામ
ગયો ન અવસર આવશે, ગયું મળે ના નામ

અહિમુખ બિંદુ વિષ થયું, કેળે થયું કપૂર
છીપે જળ મોતી થયું સંગતનાં ફળ શૂર

ઊંઘ ન જૂએ તૂટી ખાટ, ઈશ્ક ન જૂએ જાતકજાત
ભૂખ ન જૂએ એંઠો ભાત, તરસ ન જૂએ ધોબીઘાટ

મોતી ભાંગ્યું વિંધતા, મન ભાંગ્યું કવેણ
ઘોડો ભાંગ્યો ઠેકતા, એને સાંધો ન રેણ

અગર બળતાં ગુણ કરે, ને સુખડ ઘાસંતા
શૂર હોય તે રણ ચડે, ને કાયર નાસંતા

બાર કોશે બોલી બદલે, તરુવર બદલે શાખા
જતે દહાડે કેશ બદલે લખણ ન બદલે લાખા

બે'રા આગળ ગાવણું, મૂંગા આગળ ગાલ
અંધા આગળ નાચવું, એ ત્રણે હાલહવાલ

પાણીમાં પાષાણ, ભીંજે પણ ગળે નહિ,
મૂરખ આગળ વાણ, રીઝે પણ બૂઝે નહિ.

હથેળીમાં વાળ નહિ ને ગધેડાને ગાળ નહિ
ચાડિયાને શરમ નહિ ને અઘોરીને ધરમ નહિ

જુઠું કદી ન બોલવું, ત્યજવું આળસ અંત,
હળી મળીને ચાલવું, રાખવો સારો સંગ.

જેને જેનું કામ નહિ તે ખરચે નહિ દામ,
ભલે હાથી સસ્તો મળે, ગરીબને શું કામ?

નિજ ઘરનું, પરનું વરે, ત્યાં તેવો મન-રંગ,
દરજી પહોળું વેતરે, મોચી વેતરે તંગ.

દીનતા વિણ પ્રવીણતા, લૂણ વિનાનું ભોજ
સ્વપ્નવિહોણી જિંદગી, એ ત્રણ નિષ્ફળ બોજ

કારેલું કહે હું કડવું ને મારે માથે ચોટલી
જો ખાવાની મઝા પડે તો ખાજે રસ-રોટલી

મધ, આદુરસ મેળવી, ચાટે પરમ ચતુર
શ્વાસ, શરદી, વેદના, ભાગે જરૂર

માહ મહિનાનું માવઠું, જંગલ મંગલ ગીત
સમય વિનાનું બોલવું, એ ત્રણ સરખી રીત

ગયું ધન તે સાંપડે, ગયાં વળે છે વહાણ
ગયો અવસર આવે નહિ, ગયાં ન આવે પ્રાણ

સબળાંથી સૌ કોઈ બીએ નબળાંને જ નડાય
વાઘ તણો ભોગ ન માંગે ભવાની માય

મુશ્કેલીમાં જ મિત્રની ખરી કસોટી થાય,
હીરો સંઘાડે ચડે તો જ ચમક પરખાય.

આતાભાઈએ આશા  આપી  આંટા  ખૂબ ખવડાવ્યાં
આજકાલ આજકાલ કરી ગોળના પાણીએ નવડાવ્યાં

સભામાં વિષે જઈ બેસવું જ્યાં જેનો અધિકાર
ઝાંઝર  શોભે  ચરણમાં  હૈયા ઉપર હાર

ઉદ્યમ તો સૌ આદરે પામે કર્મ પ્રમાણ
કર્મીને હીરો જડે અકર્મીને પહાણ

કેળું, કેરી, કામિની,  પિયુ, મિત્ર ને પ્રધાન
એ સર્વ  પાકાં ભલા,  કાચાં ના’વે  કામ!

હીંગ,  મરચું ને  આંબલી,  સોપારી ને તેલ
ગાવાનો શોખ હોય તો એ પાંચે વસ્તુ મેલ

જ્ઞાન થયાથી  ઉપજે  ઉર અંદર અભિમાન
કામ કશું આવે નહિ, આવે જ્યારે અવસાન

વહાલું પણ પછી નવ ગમે, હદ પાર જો જાય
વાળ મૂછનો પણ જો વધે  કાતરથી  કતરાય

લાખા જેડા લખ  વ્યા  ઉનડ જેડા અઠ્ઠ
હેમ હેડા ઉન હલીઆ  ફરીને ઇણી વટ્ટ

મૂરખ સાથે ગોઠડી પદ પદ હોય નિરાશ
મૂરખને પ્રતિબોધતાં, મનમાં થાય ખટાશ

માખી, મકોડો, મૂરખ નર  સદા રહે લપટાય
ભમર, ભોરિંગ, ચતુર નર કરડી આઘો થાય

મરતાં મરતાં સંતો સર્વજનોને સુખી કરે
બળતો બળતો  ધૂપ  સુવાસિત  બધું કરે

ભલો ભલાઈ ના ત્યજે  દુષ્ટ ન ચુકે દાવ
ચંદનને સળગાવતાં પ્રગટે શુભ સ્વભાવ

તીરથ જઈને પણ જો ચિત્ત ચંચળ મન ચોર
પાપ રતિભર  ના ઘટે,  દશ મણ વધે ઓર

કડવી હોય લીમડી પણ તે મીઠી હોયે છાંય
બાંધવ હોય અબોલણા તોય પોતાની બાંહ્ય

ઘોડી  ચમકે ચાબૂકે    ટૂંકારે  રાજપૂત
વધઘટ ભાવે વાણિયો કડાં અવાજે ભૂત

સોરઠ મીઠી રાગણી, રાગ મીઠો મલ્હાર,
રણમાં મીઠી વીરડી, જંગ મીઠી તલવાર.

નિંદા કરે જે આપણી ઉપકાર એનો રૂંએ રૂંએ
ગાંઠનો સાબુ લઈ ઈ આપણાં કપડાં ધુએ!

જળના મોજા જળ વિષે જેમ ઊછળે ને સમાય
તેમ મનોરથ ગરીબના ઊભરે ને બેસી જાય

ઊંઘ બગાસું મોકલે જા બગાસા તું
તારું કહ્યું નહિ માને તો ઢાળી પાડીશ હું

મોટા સંગ મોટા મળે તો કરે શોખની વાત
ખોટા સંગ ખોટા મળે, તોડાવે પોતાના દાંત

કુવા ઢાંકણ ઢાકણું, ખેતર ઢાંકણ વાડ
બાપનું ઢાંકણ બેટડો, ઘરનું ઢાંકણ નાર

શિખામણ તો તેને દઈએ, જેને શિખામણ લાગે
વાંદરાને શિખામણ દેતાં, સુઘરીના માળા ભાંગે

પાળે નાચે પારેવડા, ને વગડે નાચે મોર
પરણ્યા એટલાં માનવી, બીજાં હરાયા ઢોર

સરોવર, તરૂવર, સંતજન ને ચોથો વરસે મેહ
પરમાર્થ કરવાને કાજે એ ચારે ધર્યો દેહ

વેપારે ધન સાંપડે, ખેતી થકી અનાજ
અભ્યાસે વિદ્યા મળે ને કાંડા બળે રાજ

નિર્લજ્જ નર લાજે નહિ, કરો કોટિ ધિક્કાર,
નાક કપાયું તો કહે : અંગે ઓછો ભાર!

નગુણો પાસ ન રાખીએ, સગુણાની પત જાય,
ચંદન પડિયું ચોકમાં, ઈંધણ મૂલ વેચાય

નામી નરમાં નમ્રતા જગ કદી કમી ન જોય
જુઓ, ત્રાજવું તોલતાં નમતું ભારી હોય

જીત્યે વધતું વેર, હાર્યાને નિદ્રા નહિ,
સદાય એને લે'ર, જે હારે કે જીતે નહિ

જ્ઞાની ધ્યાની સંયમી ને દાતા શૂર અનેક
જપીયા તપીયા બહુ છે શીલવંતો કોક એક

એક કપુત કાળું કરે બીજો ઊજ્વળ પ્રકાશ
દીપકના બે દીકરાં, કાજળ ને અજવાશ

બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા
ઠામ તેવી ઠીકરી ને મા તેવી દીકરી

પહેલો મૂર્ખ તે ઠેકે કૂવો, બીજો મૂર્ખ તે રમે જુવો;
ત્રીજો મૂર્ખ તે બેન ઘેર ભાઈ, ચોથો મૂર્ખ તે ઘરજમાઈ.

સજ્જન વનવેલી ભલી, કરે ઝાડ શું પ્રીત
સૂકે પણ મૂકે નહિ, એ સજ્જનની રીત

મન ઢોંગી, મન ધૂર્ત છે, મન મરકટ સમાન
મન સુધરે તો મિત્ર છે નહીં તો શત્રુ સમાન

કાને સાંભળ્યું નવ માનીએ નજરે જોયું તે સાચ
ભાંગે તો સંધાય થાય નહિ મન, મોતી ને કાચ

ફીકરથી જીવને પીડા, ફીકરથી જીવ જાય
ફીકરની ફાકી કરે એ ખરો ફકીર કહેવાય

ઊંચો ગઢ ગિરનાર વાદળથી વાતું કરે
મરતા રા'ખેંગાર ખરેડી ખાંગો કાં ન થયો

મા પડ મારા આધાર ચોસલાં કોણ ચડાવશે
ગયા ચડાવણહાર જીવતા જાતર આવશે

અડી કડી વાવ ને નવઘણ કૂવો
જેણે ન જોયા તે જીવતો મૂઓ

શિયાળે સોરઠ ભલો ઉનાળે ગુજરાત
ચોમાસે વાગડ ભલો કચ્છડો બારે માસ

કચ્છડો ખેંલે ખલકમેં જીમ્ મહાસાગરમેં મચ્છ
જિત હિકડો કચ્છી વસે ઉત ડિયાંડીં કચ્છ

અક્કલ ઉધારે ના મળે હેત હાટે ના વેચાય
રૂપ ઉછીનું ના મળે પ્રીત પરાણે ના થાય

જે ઊગ્યું તે આથમે જે ફૂલ્યું તે કરમાય
એહ નિયમ અવિનાશનો જે જાયું તે જાય

જોઈ વહોરિયે જાત મરતાં લગ મેલે નહિ
પડી પટોળે ભાત ફાટે પણ ફીટે નહિ

સાચી પ્રીત શેવાળની જળ સૂકે સૂકાય રે
માંયલો હંસલો સ્વાર્થી જળ સૂકે ઊડી જાય

કડવા ભલે હો લીંબડા શીતળ તેની છાંય
બોલકણા હોય બાંધવા તોય પોતાની બાંય

નહીં આદર નહીં આવકાર નહીં નૈનોમાં નેહ
ન એવા ઘેર કદી જવું ભલે કંચન વરસે મેઘ

માગણ છોરું મહીપતિ ચોથી ઘરની નાર
છતઅછત સમજે નહિ કહે લાવ લાવ ને લાવ

સમજણ દે તો ધન દે નહિતર તારી સમજણ પાછી વાર્ય
એક તો સમજણ બીજું ધન નહિ એવા બબ્બે ધક્કા મ માર્ય

દેશ ગયો પરદેશ ગયો, શીખ્યો અંગ્રેજી વાણી
વૉટર, વૉટર, કહેતા જીવ ગયો ને ખાટલા નીચે પાણી

માંદો પરહેજ ન રાખે તો શો લાભ દવા લઈ?
માંદો પરહેજ જો રાખે તો શો લાભ દવા લઈ!

કાવ્યાસ્વાદ ન ચાખ્યો હાહા! જીવનથી ગયો
કાવ્યાસ્વાદ ન ચાખ્યો હાહા! જીવ નથી ગયો

મન ખુશ થતું નથી, ધન પુષ્કળ મળ્યે
મન ખુશ થતું નથી, માન પુષ્કળ મળ્યે
જેમાં જેણે સુખ માન્યું તેને તે વસ્તુ મળે
તો જ જોમ, ખુશી અને ચેન તેને મળે

કેસુડું સમજી જાતો ભમરો શુક-ચાંચમાં
ને જાંબુડું સમજી એને શુક પકડે ચાંચમાં

કુલદીપક થાવું કઠણ દેશદીપક દુર્લભ
જગદીપક જગદીશના અંશી કોક અલભ્ય

રાતે જે વહેલા સૂઈ વહેલા ઊઠે તે નર વીર
બળ બુદ્ધિ ને ધન વધે સુખમાં રહે શરીર

વાપરતા આ વિશ્વમાં સહુ ધન ખૂટી જાય
વિદ્યા વાપરતા વધે એ અચરજ કહેવાય

વિદ્યા વપરાતી ભલી વહેતાં ભલા નવાણ
અણછેડ્યાં મુરખ ભલા છેડ્યાં ભલા સુજાણ

જે જાય જાવે તે કદી ન પાછો આવે
જો પાછો આવે તો પોયરાનાં પોયરા ખાવે

વિપત પડે નવ વલખિએ વલખે વિપત નવ જાય
વિપતે ઉદ્યમ કીજિયે ઉદ્યમ વિપતને ખાય

હૈડા ભીતર દવ બળે કોઈ ન જાણે સાર
કાં મન જાણે આપણું, કાં જાણે કિરતાર

જાતે ફરવું જાતે રળવું જાત વિના સૌ જૂઠુંજી
જાતે ઝૂઝવું આગે વધવું જાત વડે ઉદ્ધરવુંજી

કેશર ક્યારા બાંધીને અંદર વાવો પ્યાજ
સીંચો સ્નેહે ગુલાબજળ અંતે પાકે પ્યાજ

ખૂંદી ખમે માતા ધરતી, વાઢી ખમે વનરાઈ
કઠણ વચન સાધુડા ખમે, નીર તો સાયરમાં સમાય

કરમાં પહેરે કડાં આપે ન કોડી કોઈને
એ માનવ નહિ પણ મડાં કામ ન આવે કોઈને

નીર અનેક સરિતાનું સિંધુમાં જઈ સમાયે
તો પણ પેટ તેનું જેમ કદી ન પૂર્ણ ભરાયે
તેમ લોભીને ધન મળ્યે તૃપ્તિ કદી ન થાયે
મળે પાંચ લાલચ દશની મનમાં ઊભરાયે

દીઠે કરડે કુતરો પીઠે કરડે વાઘ
વિશ્વાસે કરડે વાણિયો દબાયો કરડે નાગ

જાનમાં કોઈ જાણે નહિ કે હું વરની ફુઈ
ગાડે કોઈ બેસાડે નહિ ને દોડી દોડી મૂઈ

જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ
જ્યાં ન પહોંચે કવિ ત્યાં પહોંચે અનુભવી

બળની વાતો બહુ કરે કરે બુદ્ધિના ખેલ
આપદ્કાળે જાણીએ તલમાં કેટલું તેલ

અતિ ઘણું નવ તાણીએ, તાણ્યે તૂટી જાય
તૂટેલું જો સાંધીએ, વચ્ચે ગાંઠ પડી જાય

કરતા હોય સો કીજિયે ઓર ન કીજિયે કગ
માથું રહે શેવાળમાં ને ઊંચા રહે બે પગ

મિત્ર એવો શોધવો જે ઢાલ સરીખો હોય
સુખમાં પાછળ પડી રહે દુ:ખમાં આગળ હોય

શેરી મિત્રો સો મળે તાળી મિત્ર અનેક
સુખ દુ:ખમાં સંગ રહે તે લાખોમાં એક

કરતાં સોબત શ્વાનની બે બાજુનું દુ:ખ
ખિજ્યું કરડે પિંડીએ રિઝયું ચાટે મુખ

હલકાં જન હલકાં રહે લીએ પલકમાં લાજ
ઊતરાવે છે પાઘડી માંકડ ભરી સભામાં જ

અબે તબે કે સોલ હી આને અઠે કઠે કે આઠ
ઈકડે તીકડે કે ચાર આને શું શા પૈસા ચાર

અતિ ભલો ન બોલનો, અતિ ભલી ન ચૂપ
અતિ ભલો ના બરસનો, અતિ ભલી ન ધૂપ

મન મક્કમ, મજબૂત જેમનાં હૃદય વિશાળ મહાન,
સાચી શ્રદ્ધા સાથ બાવડાં કામગરાં બળવાન.

મર્યાદા મૂકે  નહિ, સજ્જન લડતાં કોઈ,
જ્યમ કુલવંતી નારીનું હસવું હોઠે હોય.

માગ્યા સમી જગતમાં ચીજ એક પ્રીતિ
માગ્યે કદી નવ મળે  ચીજ એ ય પ્રીતિ

વૃદ્ધિથી હરખે નહિ, હાનિથી નહિ શોક
સમબુદ્ધિ જેની  રહે, એવા વિરલા કોક

પરને કાજે પંડને ખુવે,  રામને ખોળે જે શિર દઈ સૂએ,
એમની પાછળ એમને મૂએ, આભ ચૂએ ને ધરતી રૂએ.

પરાગ જો અંતરમાં હશે તો,  એ પાંગરીને કદી પુષ્પ ખીલશે,
મનોરથો સ્વપ્ન મહીં હશે તો, સિદ્ધિરૂપે કાર્ય વિશે જ જન્મશે.

સૂતેલ હોય તો બેઠો થઈ જજે, બેઠો ઊઠજે અધીર,
દૂરને મારગ પાંખ્યું વીંઝજે,  છૂટ્યું આવે જેમ તીર.

સૂર્ય-રશ્મિ-પંથમાં વાદળ ભલે વચ્ચે પડે,
ખીલતા ફૂલને કદીયે મ્લાન  મેં દીઠું નથી.

પુરુષાર્થી  લલાટે  જે  રીતે  પ્રસ્વેદ  પાડે  છે,
ઘણા પ્રારબ્ધને જળ છાંટીને એમ જ જગાડે છે.

પેખી ચલગત પારકી, અમથો અંતર બાળ,
કરશે તે ફળ પામશે, તું તારું સંભાળ.

સુખમાં છકી નવ જવું; દુઃખમાં ન હિંમત હારવી;
સુખ-દુઃખ સદા ટકતાં નથી, એ નીતિ ઉર ઉતારવી.

પ્રસંગોપાત જીવનમાં હસી લઉં છું, રડી લઉં છું,
અને આ જીવવા જેવું જીવન જાતે ઘડી લઉં છું.

પ્રીતિ કહેઃ 'ઘણું આપું છતાં પામું કશું ના હું.'
કરુણા કહેઃ 'આપું હું માત્ર, નવ કશું ચાહું.'

બધી જ આશા, બધી જ ઈચ્છા, ફળી શકે ના કદી જીવનમાં,
બધી કળીઓ શું પૂર્ણ ખીલી સુમન થતી જોઈ છે ચમનમાં?

પડ્યો જગ-ખીણે તું માનવ-હીરો ભલે આજ હો
જરૂર તવ તેજથી દિવસ કો થશે ઊજળો

'મારું, તારું' કરે તેને લોકો કહે, 'મારું, મારું.'
'તારું, મારું' કહે તેને લોકો કહે, 'તારું, તારું.'

મૈત્રી કે પ્રીતિને કાજે છે સદા નાલાયક દુર્જન
અંગારો બાળતો ઊનો, ઠંડો કાળું કરે તન

નિશા-નિરાશા ટળશે કાળી, ઉષા ઊજળી ઝગશે,
આજ ડૂબ્યો સવિતા તે શું નહિ કાલ પ્રભાતે ઊગશે?

બાહુમાં બળ ભરી, હૈયામાં હામ ધરી, સાગર મોઝારે ઝુકાવીએ,
આપણા વહાણનાં સઢ ને સુકાન તો આપણે જ હાથે સંભાળીએ.

જીવનના ચોપડે સઘળા હિસાબો થઈ જશે સરભર,
જમા રાખો 'તું હી તું', ને બીજી બાજુ ઉધારો 'હું.'

દયા-ધર્મ દિલડે વસે, બોલે અમૃત-વેણ,
તેને ઊંચો જાણીએ, જેનાં નીચાં નેણ

આણંદ કહે પરમાણંદા માણસે માણસે ફેર
કોક લાખ દેતા ન મળે તો કોક ટકાના તેર

કોયલડી ને કાગ ઈ વાને વરતાય નહિ
જીભલડીમાં જવાબ સાચું સોરઠીયો ભણે

મહેમાનોને માન દિલ ભરીને દીધાં નહિ
એ તો મેડી નહિ મસાણ સાચું સોરઠિયો ભણે

ચીંધે સૌને કામ, પોતે ડગલું ભરે નહિ
એ તો મૂરખનો જામ, સાચું સોરઠીયો ભણે

મુએ માંડે મોકાણ, જીવતાં કદી જાણ્યા નહિ
એ તો  દેખાડા જાણ,  સાચું સોરઠીયો ભણે

મસાણ સુધી સાથ, ચેહમાં સૂવું એકલાં
કોઈ ન ભીડે બાથ, સાચું સોરઠીયો ભમે

ભરજે ભડથી બાથ, રાંકને રંજાડીશ નહિ
રાજી જગનો નાથ, સાચું,  સોરઠીયો ભણે

મોઢે મીઠી વાત,   પાછળ વગોણા કરે
એ અકર્મી જાત, સાચું સોરઠિયો ભણે

સારે સગા થાય, ગરીબીમાં કોઈ ગણે નહિ
એને  ફાલતું  જાણ,   સાચું સોરઠીયો ભણે

નિત નિત નહાવા જાય પણ મન ચોખું મળે નહિ
એ  ચોખો  ના  કહેવાય,   સાચું સોરઠીયો ભણે

ઢગલે  ધન કમાય, સંઘરે પણ ખરચે નહિ
તે પરને હાથ જાય,  સાચું સોરઠીયો ભણે

ઘરમાં  ધન અપાર,  ગરીબાઈ ગાતો ફરે
ધૂળ પડી ઈ ધનમાં, સાચું સોરઠીયો ભણે

ધન દેખી રાજી થાય, કપાય કાળજું કાઢતાં
તે પરને હાથ જાય, સાચું સારઠીયો ભણે

ખવડાવે ને ખાય, મનડું મોટું રાખીને
તેને વહાલો સહાય, સાચું સોરઠીયો ભણે

કામ અવળાં કરે, લઈ ધરમનાં નામ
ઈ તો મરવાનાં ઠામ, સાચું સોરઠીયો ભણે

ઔષધ કર્યાં અનેક, વિધિએ વિધવિધ રોગના
ઓસડ સ્વભાવનું નહિ એક, સાચું સોરઠિયો ભણે

કારણ વિના કજિયા કરે, ખટપટ કરે અપાર
વાતે વાતે વાંધા કાઢે તે મૂરખનો સરદાર

ભાઈઓથી અળગો રહે રાખી મનમાં ખાર
પારકે ઘેર જઈ રહે તે મૂરખનો સરદાર

મિત્ર સાથે કપટ રમે, સ્વાર્થમાં હૂંશિયાર
અરિ સાથે હેતે મળે તે મૂરખનો સરદાર

ઉદર ભરણ જે કરે જે હોય અન્નનો દાતાર
એની સાથે વેર કરે એ મૂરખનો સરદાર

દારૂ-જુગારના છંદમાં  સદા  સઘળું ખોનાર
છોડે  કુળની  લાજને   તે મૂરખનો સરદાર

પરનું   સારું  દેખી  જે  ઈર્ષા  કરે  અપાર
રોજ રોજ  બળ્યા  કરે તે મૂરખનો સરદાર

મોટાની આંખની શરમ જેને ન હોય લગાર
સાચી સલાહ અવગણે તે મૂરખનો સરદાર

વૃદ્ધોની મશ્કરી  જે કરે બાળક સાથે તકરાર
નારીને માન આપે નહિ  તે મૂરખનો સરદાર

સાજું ભાંગ્યું જે કરે નખ્ખોદ કામનો કરનાર
નવરો  જે  બેસી  રહે  તે  મૂરખનો સરદાર

સદગુણને  અળગાં  કરી  દુર્ગુણને  ધરનાર
સમજાવ્યો સમજે નહિ  તે મૂરખનો સરદાર

સારું  સારું  રાખી મૂકે, બગડે તેમ તેમ ખાય
સારાનો સ્વાદ ન ચાખે  તે મૂરખનો સરદાર

અણછાજતું ખાતાંપીતાં લેશ કરે ના વિચાર
સામેથી  ગુમાવે  માન  તે મૂરખનો સરદાર

એકની વાત સાંભળી  જઈ બીજાને કહેનાર
એને પણ  સૌ  માનજો   મૂરખનો  સરદાર

વેળા કવેળા સમજે નહિ  ને વગર વિચાર્યું બોલે
લાલો  કહે  માલાને  તે  તો  તણખલાની  તોલે

જ્યાં ત્યાં ધામો નાખી બેસે વગર બોલાવ્યો બોલે
લાલો  કહે  માલાને   તે  તો  તણખલાની  તોલે

બધી વાતે  ડાહ્યો  ગણાવા ખૂબ મોણ ઘાલી બોલે
લાલો  કહે  માલાને   તે   તો  તણખલાની  તોલે

મોટાં વાત  કરતાં  હોય ત્યાં વચમાં જઈને  બોલે
લાલો  કહે  માલાને   તે   તો  તણખલાની  તોલે

વગર  નોતરે  જમવા જઈને  સારું નરસું  બોલે
લાલો  કહે  માલાને   તે  તો  તણખલાની  તોલે

કથા ચાલતી હોય ત્યાં જઈ પોતાનું ડહાપણ ડોળે
લાલો  કહે  માલાને   તે   તો  તણખલાની  તોલે

પડોશમાં જઈ ચીજો માગે ને રાંક જેવો થઈ બોલે
લાલો  કહે   માલાને   તે  તો  તણખલાની  તોલે

હસતે મુખે રસ્તામાં વેર્યાં ફૂલ ગુલાબ કેરાં નસીબે
નીચા નમી વીણીશું ક્યારે આજ આજ ભાઈ અત્યારે
કોઈએ આપણું ભૂંડું કીધું આંગણે આવી દુઃખ દીધું
માફ એને કરીશું ક્યારે આજ આજ ભાઈ અત્યારે

ધન ધીરીને આબરુ રાખી વેળા આવ્યે વિપદ ભાંગી
પાછું જઈ ધન દેવું ક્યારે આજ આજ ભાઈ અત્યારે
ધીરેલ નાણું પાછું ન આલે વાંકુ બોલીને સામું ન ભાળે
ફરિયાદ કરવી કહો ક્યારે કાલે કાલે ભાઈ કાલે

સદ્‌ગુણનાં બહુ કરવાં કામો કામકાજમાં વખત ન પામો
તો પછી તેને કરવાં ક્યારે આજ આજ ભાઈ અત્યારે
ગુસ્સો ગાળ ચિંતા ચટપટી એની મેળે આવે અટપટી
તે ક્યારે મનમાં જઈ મ્હાલે કાલે કાલે ભાઈ કાલે

કાજલ તજે ન શ્યામતા મોતી તજે ન શ્વેત
દુર્જન તજે ન કુટિલતા સજ્જન તજે ન હેત

ઘેલી માથે બેડલું મરકટ કોટે હાર
જુગારી પાસે નાણું ટકે કેટલી વાર

નીચ દૃષ્ટિ તે નવ કરે જે મોટા કહેવાય
શત લાંઘણ જો સિંહ કરે તો ય તૃણ નવ ખાય

હૈયા ભીતર દવ બળે, કોઈ ન જાણે સાર
કાં મન જાણે  આપણું,   કાં  જાણે કરતાર

કર્નલ ટોડ કુલીન વિણ, ક્ષત્રિય યશ ક્ષય થાત
ફાર્બસ સમ સાધન વિના, ન ઉદ્ધરત ગૂજરાત

જ્યમ કંટક ભરાયું ચીંથરું  ઊડે પવન ઝપાટે બેફામ
સેંકડો કવિતા ઝાંખરે  ક્યાંક કાવ્ય નાચંતુ અભિરામ

લટકંતા ગાજર મોક્ષના ધરમ કેરી લાકડીએ
ગરજુ  ગધેડાં  લાલચે  ખાવા  દોડ્યાં  જાય

જીવ,  તું ઉચાટ  શીદને  હૈયે  ધરે
મર્યા વિણ નવું જીવન ક્યાંથી મળે?

કહો નેતિ  નેતિ  કે ઈતિ સિદ્ધમ  શું ફરક છે
શૂન્ય ચોકડી જેવી  ઈશ્વર  માયાની  રમત છે
બ્રહ્મ અને જગત  બન્ને અન્યોન્યમાં ગરક છે
એકમેકને કદી ના છોડે જૂઓ કેવી ગમ્મત છે

(હવે પછીની બધી કાવ્ય પંક્તિઓ
કવિના કક્કાવાર નામ અનુસાર ગોઠવાયેલી છે.)

ભાષાને શું વળગે ભૂર
જે રણમાં જીતે તે શૂર
સંસ્કૃત બોલે તે શું થયું
કાંઈ પ્રાકૃતથી નાસી ગયું
-અખો

રહેણી વિના કહેણી જે કથે
મહી વિના પાણી તે મથે
-અખો

મરકટ ને વળી મદીરા પીએ
અખા એથી સૌ કોઈ બીએ
-અખો

લીલા વૃક્ષની ઓથે રહી
જેમ પારધી પશુને ગ્રહે
એમ હરિને ઓથે ધુતારા ઘણા
ઉપાય કરે કનક કામિની તણા
અખા આવા ગુરુ શું મૂકે પાર
જ્યાં શિષ્ય ગર્દભ ને ગુરુ કુંભાર
-અખો

પોતે જાણે નહિ હરિને લેશ કાઢી બેઠો ગુરૂનો વેશ
સાપને ઘેર પરોણો સાપ મુખ ચાટી ચાલ્યો ઘેર આપ
એવા ગુરૂ ઘણા સંસાર તે અખા શું મૂકે ભવ પાર
તરૂવર ફળ દેવા નવ જાય અખા આવીને જાચે તે ખાય

-અખો

ઓછું પાત્ર ને અદકું ભણ્યો, વઢકણી વહુએ દીકરો જણ્યો
મારકણો સાંઢ ચોમાસું માલ્યો, કરડકણો કૂતરો હડકવા હાલ્યો
મર્કટ ને વળી મદિરા પીએ, અખા એથી સૌ કોઈ બીએ

-અખો

કોઈ કહે મોટો મહાદેવ કોઈ કહે વિષ્ણુ અવશ્યમેવ
કોઈ કહે આદ્યભવાની સદા અબુધ કલ્કીના દે વાયદા
જૈન કર્મની દે છે શીખ યવનો માને કલમે શરીફ
અખા સૌ બાંધે બાકરી કોઈ ન વાત તપાસે ખરી

-અખો

ઉચ્ચમાં રામ બમણો નથી ભર્યો
નીચ પીંડ ઠાલો નથી કર્યો
રહેણી વિના કહેણી જે કથે
મહી વિના પાણી તે મથે

-અખો

એક અણસમજુ બીજું ઝાંખરું, જ્યાં અટકે ત્યાં વળગે ખરું
પ્રકૃતિ મળે ત્યાં તે અડે, નહિ તો પાછું વાટે પડે
એમ અખા સઘળો સંસાર, ઝરમર ઝોલે કરે વ્યાપાર
-અખો

પાને પોથે લખિયા હરિ, જેમ વેળુમાં ખાંડ વીખરી
સંતે ખાધી કીડી થઈ અને વંચકે તો સબુધી વહી
તે માટે તે તેવા રહ્યા, અખા સંત પારંગત થયા
-અખો

અષ્ટ મહાસિદ્ધિ ઈશ્વરને વિશે તેને વેદ માયા કરી લખે
તેની કણિકા તે આ જીવ તો સિદ્ધિસહિત કેમ થાયે શિવ
અખા અહંકારને ટાળી જોય
તું ન રહે તો સિદ્ધિ સાથે શીદ મોહ્ય
-અખો

વાંકું સમું જાણું ત્યાં હરિ, હું તો મારે બેઠો ઠરી
ભલા ગૃહસ્થની વાડે ગાય, એમ આપ સોંપ્યું હરિમાંય
છીંડું ખોળતા લાધી પોળ, હવે અખા કર ઝાકમઝોળ
-અખો

સંપ માટીએ કર્યો તો ઇંટ થઈ
ઇંટનું ટોળું મળ્યું તો ભીંત થઈ
-અનિલ ચાવડા

અમે બરફનાં પંખી રે ટહુકે ટહુકે પીગળ્યા
-અનિલ જોશી

ચણોઠીને  ઢગલે દાઝયા  કંઈક કવિના કિત્તાજી
શબ્દોમાં હું એમ પ્રવેશ્યો જેમ આગમાં સીતાજી
-અનિલ જોશી

શબ્દો  છે  બેશુમાર ગઝલ એક પણ નથી
વરસ્યોતો  ધોધમાર  ફસલ એક કણ નથી
લાશોને  ચાલતી  લહું  શહેરો  મધી  કદી
કબરોમાં શમે એ જ ફક્ત કંઈ મરણ નથી
-અબ્દુલકરીમ શેખ

કહે છે કોઈ   ધરતીનું  આ  સદન  બદલો
કહે છે કોઈ  વળી  જર્જરિત ગગન બદલો
અમર  છે  વ્યર્થ  બધી  ફેરફારની  વાતો
ન સ્થિર રહી શકે સંસારમાં એ મન બદલો
-અમર પાલનપુરી

આદમ સમાન કોઈ  મને આદમી મળે
અલ્લા વિશેની જોઈએ તે બાતમી મળે
-અમર પાલનપુરી

ઈચ્છાઓ કેટલી મને  ઈચ્છા  વગર મળી
કોણે  કહ્યું  અમીન ન  માગ્યા વગર મળે
-અમીન આઝાદ

ચડી આવે  કદી  ભૂખ્યો કોઈ હાંકી કહાડે છે
નથી કાંઈ પેટ જેવું  અન્નકૂટ  એને જમાડે છે

કરાવે  છે  મકાનો ખાલી  મંદિર બાંધવા માટે
અહીં માનવને મારી  લોક ઈશ્વરને જિવાડે છે
-અમૃત ઘાયલ

ચાહું  ત્યારે  ઘૂંટ ભરું  ને  ચાહું ત્યારે  ત્યાગ કરું
મારું  તો  એવું   છે  મારા  ફાવે  તેવા ભાગ  કરું

સારા નરસા દિવસો  એ તો ઈચ્છાના ઓછાયા છે
મારા આ દુર્ભાગ્યને સાજન ઈચ્છું તો સોહાગ કરું
-અમૃત ઘાયલ

જીવન જેવું  જીવું છું એવું કાગળ પર ઉતારું છું
ઉતારું  છું   પછી  થોડું  ઘણું  એને   મઠારું છું

તફાવત એ જ છે તારા અને મારા વિશે જાહિદ
વિચારીને તું જીવે  છે  હું  જીવીને   વિચારું  છું
-અમૃત ઘાયલ

અમૃતથી હોઠ સૌના એંઠાં કરી શકું છું
મૃત્યુના હાથ પળમાં હેઠા કરી શકું છું

આ મારી શાયરીયે સંજીવની છે ઘાયલ
શાયર છું પાળિયાને બેઠા કરી શકું છું
-અમૃત ઘાયલ

કેમ ભૂલી ગયા? દટાયો છું આ ઈમારતનો હુંય પાયો છું
વિસ્તર્યા વિણ બધે છાયો છું હું અજબ રીતથી ઘવાયો છું

એ જ પ્રશ્ન છે કોણ કોનું છે હું ય મારો નથી પરાયો છું
સાચું પૂછો તો સત્યના પંથે ખોટી વાતોથી દોરવાયો છું
-અમૃત ઘાયલ

વલણ એક સરખું રાખું છું આશા નિરાશામાં
બરાબર ભાગ લઉં છું જિંદગીના સૌ તમાશામાં
સદા જીતું છું એવું કૈં નથી હારું છું પણ બહુધા
નથી હું હારને પલટાવવા દેતો હતાશામાં
-અમૃત ઘાયલ

નિયમ વિરુદ્ધ જગતનાં ગમ નથી મળતા
કે આંસુ ઠંડા, નિઃસાસા ગરમ નથી મળતા
સુખોની સાથે સરી જાય છે બધા સ્નેહી
પડે છે ભીડ તો ખાવા કસમ નથી મળતા
-અમૃત ઘાયલ

ગુસ્સે થયા જો લોક  તો પત્થર સુધી ગયા
પણ દોસ્તોના હાથ  તો  ખંજર સુધી ગયા
એમ જ કદાપિ  કોઈને  લોકો  ભજે નહિ
ખપતું'તું  સ્વર્ગ એટલે ઈશ્વર સુધી ગયા!
-અમૃત ઘાયલ

જો હોય શ્રદ્ધા મુસાફરને પૂર્ણ  મંઝિલમાં
તો આપમેળે વળે છે  કદમ મુકામ તરફ
ગતિ ભણી જ નજર નોંધતા રહ્યાં કાયમ
કદી ગયા  ન અમે ભૂલથી વિરામ તરફ
અમૃત ઘાયલ

શબ્દને તોડ્યો છે મેં ફોડ્યો છે; તોડીફોડી યથેચ્છ જોડ્યો છે.
મારી રીતે  મેં બાંધ્યો છે એને, મારી રીતે મેં એને છોડ્યો છે.
શ્વાસે શ્વાસે મેં  રૂંધ્યો છે  એને,  રૂંવે રૂંવે  મેં એને તોડ્યો છે.
મેં નથી માત્ર  એના ગુણ ગાયા,  ધૂમ જાહેરમાં  વખોડ્યો છે.
અમૃત ઘાયલ

તને  કોણે  કીધું  હું રંક છું,  નથી રંક,  રાયનો  રાય છું
મને તોળ  સત્યને  છાબડે, કે હું  સત્યલોકનો  ન્યાય છું
તું  મને  વિસારી  નહીં શકે,  તું  મને નિવારી નહીં  શકે
કે નથી જગતથી કદી જુદો, હું જગતની સાથ સદાય છું.
-અમૃત ઘાયલ

હો ભીડમાં જ સારું  બધામાં ભળી જવાય
એકાંતમાં  તો  જાતને  સામે  મળી જવાય
સામે મળી જવાય  તો  બીજું તો કંઈ નહિ
પણ  કેમ છો કહીને  ન પાછા વળી જવાય
-આદિલ મન્સૂરી

વતનની ધૂળથી માથું  ભરી લઉં આદિલ
અરે આ ધૂળ પછી  ઉમ્રભર મળે ન મળે
-આદિલ મન્સૂરી

એક  શાયર છું  જીવન કર્મોથી ના અજ્ઞાન છું
વેદનો પણ  છું  ઉપાસક  કારીએ કુઅરાન છું
કિંતુ જો ઈમાનની પૂછો  તો આસિમ સાંભળો
હું ન હિન્દુ છું ન મુસ્લિમ છું ફક્ત ઈન્સાન છું
-આસિમ રાંદેરી

લઈ  રસાલો  રૂપનો,  કન્યા  મંદિર  જાય
‘ઓ હો, દર્શન થઈ ગયા’, બોલે જાદવરાય
-ઉદયન  ઠક્કર

કઈ  તરકીબથી  પથ્થરની  કેદ તોડી છે
કૂંપણની પાસે શું કુમળી કોઈ હથોડી છે
-ઉદયન ઠક્કર

કોડિયા પર સૂર્ય તડક્યો  તારી કોને છે ગરજ
નૂરની નબળી નકલ જા જા ને બીજું કંઈ સરજ
ઝંખવાઈને  કોડિયું  કહે  મુલતવી  રાખો હજૂર
આ ચુકાદો આજ રાતે  આપવાની  છે  અરજ
-ઉદયન ઠક્કર

રોજ  સાંજે  પંખીઓના  મોરચા  મંડાય  છે
વૃક્ષની  માલિકી  બાબત  માંગણીઓ  થાય  છે
ક્યાંક  જતો  હશે  એમ  માનીને  ચાલ્યો  હતો
પણ હવે રસ્તો પૂછે છે, "ભાઈ તું ક્યાં જાય છે?"
-ઉદયન ઠક્કર

પરાર્થે તરે આંખમાં આંસુ જ્યારે
મળે મર્દને  સ્ત્રીની ઊંચાઈ ત્યારે
-ઉમાશંકર જોશી

નકશામાં જોયું તે જાણે જોયું ક્યાં? ન કશામાં!
-ઉમાશંકર જોશી

સ્વતંત્ર પ્રકૃત્તિ તમામ, એક માનવી જ કાં ગુલામ
-ઉમાશંકર જોશી

મારી ન્યૂનતા ના નડી તને
તારી પૂર્ણતા  ગૈ અડી મને
-ઉમાશંકર જોશી

ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે
ખંડેરની ભસ્મકણી ના લાધશે
-ઉમાશંકર જોશી

ત્રણ વાનાં મુજને મળ્યાં હૈયું મસ્તક હાથ
બહુ દઈ દીધું નાથ જા ચોથું નથી માગવું
-ઉમાશંકર જોશી

સૌંદર્યો પી, ઉરઝરણ ગાશે આપમેળે!
-ઉમાશંકર જોશી

મોટાઓની અલ્પતા જોઈ થાક્યો
નાનાની મોટાઈ જોઈ જીવું છું
-ઉમાશંકર જોશી

ખંખેરી ફેંકી દે વૃક્ષ પાંદડા, ના કદી થડ;
રૂઢિઓ ખરતી રુક્ષ, ટકી રહે સંસ્કૃતિ વડ
-ઉમાશંકર જોશી

ઝંઝા કેરી પુત્રી છો હોય ક્રાન્તિ
હૈયે લહેરે ખેતરો કેરી શાન્તિ
-ઉમાશંકર જોશી

બાળકને જોઈ જે રીઝે, રીઝે બાળક જોઈ જેને,
વત્સલ મૂરત સ્નેહલ સૂરત, હૃદય હૃદયનાં વંદન તેને.
-ઉમાશંકર જોશી

આકાશની કોમળ કાંતિ જે રવિ જોઈ શક્યો ના નિજ તેજપુંજમાં
અંધારની આંખ વડે નિશીથ તે પેખી શક્યો સૌ સુખ વિશ્વકુંજમાં
-ઉમાશંકર જોશી

મારી હસ્તી મારી પાછળ એ રીતે વિસરાઈ ગઈ
આંગળી જળમાંથી નીકળી ને જગ્યા પુરાઈ ગઈ
-ઓજસ પાલનપુરી

હું એક જ શત્રુ હરિ મારો હું મુજ કારાગાર
મુજને મુજ કરથી છોડાવો કરી મારો સંહાર
-કરસનદાસ માણેક

તે દિન આંસુ ભીના રે હરિના લોચનિયાં મેં દીઠા
-કરસનદાસ માણેક

ખૂનીને ખંજર ને તિમિર તસ્કરને સાંપડી જાય છે
જેવો રાહી તેવો તેને રાહબર મળી જાય છે
-કરસનદાસ માણેક

બનાવટની છે બલિહારી ઉકરડા બાગ થઈને બેઠા
ન જાતે જોઈ શકતા તે જગ ચિરાગ થઈને બેઠા
-કરસનદાસ માણેક

છે પ્રસંગો પાનખરના ચાલશે
ને તરુ પર્ણો વગરના ચાલશે
લાગણીની એટલી લાગી તરસ
કે હશે આંસુ મગરના ચાલશે
-કરસનદાસ લુહાર

કલા છે ભોજ્ય મીઠી તે ભોક્તા વિણ કલા નહિ
કલાવાન કલા સાથે ભોક્તા વિણ મળે નહિ
-કલાપી

તુંને ન ચાહું ન બન્યું કદી એ
તેને ન ચાહું ન બને કદી એ
ક્યાં ચાહવું તે દિલ માત્ર જાણે
તેમાં ન કાંઈ બનતું પરાણે
-કલાપી

સૌંદર્યો વેડફી દેતાં ના ના સુંદરતા મળે
સૌંદર્યો પામતાં પહેલાં સૌંદર્ય બનવું પડે
-કલાપી

રસહીન ધરા થઈ છે દયાહીન થયો નૃપ
નહિ તો ના બને આવું બોલી માતા ફરી રડી
-કલાપી

હું જાઉં છું હું જાઉં છું ત્યાં આવશો કોઈ નહિ
સો સો દીવાલો બાંધતાં પણ ફાવશો કોઈ નહિ
-કલાપી

હા પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે
પાપી તેમાં ડુબકી દઈને પુણ્યશાળી બને છે
-કલાપી

રહેવા દે રહેવા દે આ સંહાર યુવાન તું
ઘટે ના ક્રૂરતા આવી વિશ્વ આશ્રમ સંતનું
-કલાપી

પડ્યાં જખમ સૌ સહ્યાં સહીશ હું હજુએ બહુ
ગણ્યાં નવ કદી ગણું નવ કદી પડો છો હજુ
અપાર પડશે અને જિગર હાય આળું થયું
કઠીન ન બનો છતાં હૃદય એ જ ઈચ્છું પ્રભુ
-કલાપી

હાસ્ય છે માત્ર ઘેલાઈ રોવું તે નબળાઈ છે
વિશ્વની મિષ્ટતા કિન્તુ રે રે ત્યાં જ સમાઈ છે
-કલાપી

ક્યાંયે હશે જો કો ખુદા તો
ઈશ્કનો બંદો હશે
જો ઈશ્કથી જુદો હશે તો
ઈશ્કથી હારી જશે
-કલાપી

હર્ષ શું  જિંદગીમાં ને હર્ષ શું હોત મોતમાં
પ્રેમના રંગથી જો ના રંગાયું હોત વિશ્વ આ
-કલાપી

પ્રેમને  કારણો  સાથે  સંબંધ  કંઈએ  નથી
કારણ પ્રીતિનું પ્રીતિઃ પ્રેમીની લક્ષ્મી એ બધી
-કલાપી

તમારા  રાજદ્વારોનાં  ખૂની  ભભકા નથી ગમતા
મતલબની મુરવ્વત ત્યાં  ખુશામતના ખજાના ત્યાં

ગુલામો  કાયદાના  છો  ભલા  એ કાયદો કોનો
ગુલામોને  કહું  હું  શું  અમારા  રાહ  ન્યારા છે

મુબારક હો  તમોને  આ તમારા  ઈશ્કના  રસ્તા
હમારો  રાહ ન્યારો  છે  તમોને  જે  ન ફાવ્યો તે
-કલાપી

ભલાઈને બૂરાઈથી દબાવાનું લખ્યું જ્યારે
ખુદાએ હાથમાં લીધી કલમ શયતાનની ત્યારે

બૂરાઈનું સદા ખંજર ભલાઈ ઉપર દીઠું
ન લેવાતું ન સહેવાતું ન પીવાતું કરી મીઠું
-કલાપી

જીવવું જીવ લઈને અહીં એવી દિસે રીતિ
કોઈને દુઃખ દેવાથી તૃપ્તિ કેમ હશે થતી
-કલાપી

દર્દીના દર્દની પીડા વિધિને ય દિસે ખરી?
અરે! તો દર્દ કાં દે છે ને દે ઔષધ કાં પછી?
-કલાપી

જે પોષતું તે મારતું શું એ નથી ક્રમ કુદરતી?
-કલાપી

ચળકાટ તારો એ જ પણ તુજ ખૂનની તલવાર છે
-કલાપી

ઘેલી બની બધી સૃષ્ટિ રસમાં ન્હાય છે
હાય એક જ પાંડુના હૈયામાં કૈંક થાય છે
-કાન્ત

ધીમે ધીમે છટાથી કુસુમરજ લઈ ડોલતો વાયુ વાય
ચોપાસે વલ્લિઓથી પરિમલ પ્રસરે નેત્રને તૃપ્તિ થાય
બેસીને કોણ જાણે કહીં પરભૃતિકા ગાન સ્વર્ગીય ગાય
ગાળી નાખે હલાવી રસિક હૃદય વૃત્તિથી દાબ જાય
-કાન્ત

ખાડો શું ખોદે મૂરખા જે ખોદે તે જ પડશે
જેવું તું બીજ વાવે તેવું જ તું તો લણશે
-કાન્ત

આપણે એવી રમત રમવી નથી જેમાં સતત
અન્ય હારી જાય એવી કામના કરવી પડે
-કિરણકુમાર ચૌહાણ

*જે થયું સારું થયું ને જે થશે સારું થશે;*
*એટલી સમજણ હશે તો આ જગત તારું થશે.*
*-કિરીટ ગોસ્વામી*

તેં સીવેલા સંબંધોને આજે પણ પહેરું છું વટથી
દિલ દઈને લીધેલા ટાંકા એમ નથી કૈં તૂટતા ઝટથી
આવી રીતે ધોળે દિવસે પડછાયો થૈ સાથે ના ફર
ઈર્ષ્યા થાશે સૂરજને પણ તારી મારી આ ઘરવટથી
-કિશોર જીકાદરા

હૈયામાં એનો પડઘો પડે તો જ મૂલ્ય છે
અલ્લાહનો અવાજ મિનારે ન જોઈએ
સહેલાઈથી જે પાળી શકો એ જ ધર્મ છે
નિયમ કોઈ તલવારની ધારે ન જોઈએ
-કુતુબ આઝાદ

આંસુંઓના પડે પ્રતિબિંબ એવાં દર્પણ ક્યાં છે?
કહ્યા વિનાય સઘળું સમજે એવાં સગપણ ક્યાં છે?
-કુમુદ પટવા

હસે રમે ભમે જમે લડે વઢે પડે ખડે
તથાપિ રોષ ચિત્તમાં કદી ના બાળકો ધરે
કે.કા. શાસ્ત્રી

સ્વભાવનું ઓસડ નથી કરો ઉપાય અપાર
બળી જાય પણ સીંદરી વળ ન મેલે લગાર
બંધ હજારો બાંધીએ કરીએ યુક્તિ અપાર
પ્રવાહવાળું પાણી પણ નીચું નિત્ય જનાર
મુશળધાર મેઘથી રાત દિવસ ભીંજાય
કાળો પાણો કોઈ દિ તો પણ નરમ ન થાય
ભલે શાસ્ત્ર મોટાં ભણે બહુ સાંભળે બોધ
સ્વભાવ ટાળવો કઠણ છે કરી રાખવી નોંધ
-કેશવલાલ હરિરામ ભટ્ટ

કોણ ભલાને પૂછે છે અહીં કોણ બૂરાને પૂછે છે
મતલબથી બધાંને નિસ્બત છે અહીં કોણ ખરાને પૂછે છે

અત્તરને નીચોવી કોણ પછી ફૂલોની દશાને પૂછે છે
સંજોગ ઝૂકાવે છે નહિતર કોણ ખુદાને પૂછે છે
-કૈલાસ પંડિત

માન તમારે હાથ ન સોંપ્યું કેમ કરી અપમાનશો?
વજ્ર સમું અણભેદ હૃદય આ શર સૌ પાછા પામશો
-કૃષ્ણલાલ શ્રીધરાણી

ચડી ચડી પર્વતની કરાડો
પૂજારી કો મંદિરે તાહરે જતો
પૂજા કરી પાવન અંતરે થતો
પૂજા તણો માર્ગ ન મેં સ્વીકાર્યો

ધરું દીવો સાગરમાં પ્રકાશના
કદી ઘમંડી નથી હું થયો પ્રભો
સુવાસીને મંદિર લાવું સૌરભો
નથી કર્યાં કર્મ કદી ગુમાનના
-કૃષ્ણલાલ શ્રીધરાણી

જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત
-ખબરદાર

રગ રગ  ને  રોમ રોમથી  તૂટી  જવાય છે
તો પણ મઝાની  વાત કે  જીવી જવાય છે

ખાલી ગઝલ જો હોય તો ફટકારી કાઢીએ
આ તો હૃદયની વાત છે  હાંફી જવાય  છે
-ખલીલ ધનતેજવી

કોઈ  સ્થળે બે-ચાર મરે છે,  ક્યાંક કશે દસ-બાર મરે છે
હિન્દુ મુસ્લિમ બંને સલામત,  માણસ વારંવાર  મરે છે
-ખલીલ ધનતેજવી

જરૂરત જેમ પડતી જાય સહુ બદલાય છે જાતે
સવારે હોય એવો માનવી ક્યાં હોય છે રાતે...?
ગણપત પટેલ ‘સૌમ્ય’

ચાતક  ચકવા  ચતુર નર પ્રતિદિન ફરે ઉદાસ
ખર ઘુવડ ને મુરખ જન સુખે સુએ નિજ વાસ
-ગણપતરામ

રુદનની ભીખ માગે છે પ્રસંગો જિંદગાનીના
કરું છું  દાન તેને  જે મને હકદાર  લાગે છે
-ગની દહીંવાળા

જો અડગ રહેવાનો નિશ્ચય ધરતીના જાયા કરે
એ પડે તો એનું રક્ષણ એના પડછાયા કરે
જિંદગીનો એ જ સાચેસાચ પડઘો છે ગની
હોય ના વ્યક્તિ ને એનું નામ બોલાયા કરે
-ગની દહીંવાલા

ન તો કંપ છે ધરાનો ન તો હું ડગી ગયો છું
કોઈ મારો હાથ ઝાલો હું કશુંક પી ગયો છું
-ગની દહીંવાળા

શ્રદ્ધા જ મારી લઈ ગઈ મંજિલ પર મને
રસ્તો ભૂલી ગયો તો દિશાઓ ફરી ગઈ
-ગની દહીંવાળા

તમન્ના છે હૃદયમાં તો સકળ સૃષ્ટિ ચરણમાં છે
અમારી જિંદગી સમૃદ્ધ છે આ અલ્પ સાધનથી
ગની મારી કવિતાઓ જ છે જીવનની સંપત્તિ
થયાં છે પ્રાપ્ત મરજીવાને મોતી ખૂબ મંથનથી
-ગની દહીંવાળા

સારા કે નરસા કોઈને દેજે ન ઓ ખુદા,
એવા અનુભવો કે જે ભૂલી શકાય ના.
-ગની દહીંવાલા

## મમત્વ

નાના સરખા વંદને પણ આ મમત્વની મુઠ્ઠીઓ
પૂરેપૂરી ખૂલ્યા વિના બન્ને હથેળીઓ થતી ભેગી કદી?
-ગીતા પરીખ

## ક્ષિતિજ

આ આભ જેવું આભ પણ ધરણી પરે નિજ પાય રાખે ટેકવી
ત્યાં આપણે તે કલ્પનામાં માત્ર શેં ઊડી રહેવું પાલવે?
-ગીતા પરીખ

પ્રેમના શબ્દકોષે હું *મારા* એ શબ્દ શોધતી
પામું પામું ત્યહાં તો શેં રેખા તત્વની ભાળતી
*મારા* આગળ અંકાઈ આપણા ભેદને છેદતી
*તમારા* માંહી મારા સૌ અસ્તિત્વને સમાવતી
-ગીતા પરીખ

ઓઝલની પ્રતિજ્ઞા છે તો ઓઝલમાં રહીને
બંધ આખે કરું તારા હું દીદાર અહીં આવ
અંજાશે નહિ મારી કદી પ્રેમની દૃષ્ટિ
તું છોને કરી રૂપના શણગાર અહીં આવ
ઊડે ન ગગનમાં તું ગગન તુજ મહીં ઊડે
ઓ રજ હું દઉં આટલો વિસ્તાર અહીં આવ
-ગુલામહુસેન મહમદ કાસિમ સગીર

સમાજના કલ્યાણ  વિશે જે નિજ કર્મોને જોડે
સમાજનું  તે શ્રેયસ સાધે  સ્વધર્મપાલન યોગે
-ગોકુળભાઈ ભટ્ટ

અવનિ પરથી નભ ચઢ્યું વારિ પડે જ પાછું ત્યાં ને ત્યાં
ટૂંકું  કર્મ  ટૂંકું  જ  રહેવાન  સરજેલું  આ  ધરતીમાં
-ગોવર્ધનરામ મા. ત્રિપાઠી

સુખી હું  તેથી  કોને  શું  દુ:ખી  હું  તેથી  કોને  શું
જગતમાં કંઈ  પડ્યા  જીવ દુ:ખી કંઈ ને સુખી કંઈક
સહુ  એવા  તણે  કાજે  ન  રોતાં  પાર  કંઈ  આવે
નહિ જોવું  નહિ રોવું  અફળ આંસુ ન ક્યમ લ્હોવું?
-ગોવર્ધનરામ મા. ત્રિપાઠી

મોટા નાનાં  વધુ  મોટામાં તો  નાના  પણ  મોટા
વ્યોમદીપ રવિ નભબિન્દુ તો ઘરદીવડાં નહિ ખોટા
-ગોવર્ધનરામ મા. ત્રિપાઠી

નથી,  ઘણું નથી:  પરંતુ  ગુજરાતના  નામથી
સદા સળવળે   દિલે ઝણઝણે   ઊંડા ભાવથી
સ્ફુરે  અજબ ભક્તિની અચલ દીપરેખા, અરે
લીધો જનમ ને ગમે થવું જ રાખ આ ભૂમિમાં
– ચંદ્રવદન ચી. મહેતા

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે
શુભ થાઓ આ સકળ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે
-ચિત્રભાનુ

કોઈ ઇચ્છાનું મને વળગણ ન હો
એ જ ઇચ્છા છે હવે એ પણ ન હો

કોઈનામાં પણ મને શ્રદ્ધા નથી
કોઈની શ્રદ્ધાનું હું કારણ ન હો
-ચિનુ મોદી

જાત ઝાકળની છતાં કેવી ખુમારી હોય છે
પુષ્પ જેવા પુષ્પ પર એની સવારી હોય છે
-ચિનુ મોદી

પર્વતને નામે પથ્થર દરિયાને નામે પાણી
ઈર્શાદ આપણે તો ઈશ્વરને નામે વાણી
-ચિનુ મોદી

ખોબો ભરીને અમે એટલું હસ્યાં કે કૂવો ભરીને અમે રોઈ પડ્યાં
-જગદીશ જોશી

જીત પર હસતો રહ્યો  ને હાર પર હસતો રહ્યો
ફૂલની  શૈયા  ગણી   અંગાર  પર હસતો રહ્યો

કોઈના  ઇકરાર  અને  ઇન્કાર પર હસતો રહ્યો
જે મળ્યો આધાર  એ આધાર  પર હસતો રહ્યો

ઓ  મુસીબત  એટલી  ઝિંદાદીલીને  દાદ  દે
તેં  ધરી તલવાર તો  હું  ધાર પર હસતો  રહ્યો

-જમિયત પંડ્યા

એક  ગાડું  ક્યારનું  પૈડાં  વગર
બે બળદ  ખેંચ્યા કરે સમજ્યા વગર
આંખ ઊંચી જ્યાં કરું તો બ્રહ્મા હતા
સાવ  થાકેલા  હતા  સરજ્યા  વગર

-જયંત ઓઝા

મને  જિંદગી  ને  મરણની ખબર છે
કબર પર ફૂલો ને  ફૂલો પર કબર છે

-જયન્ત પાઠક

તમરાં બોલે
રાત્રિરથનાં પૈડાં
ઊંજણ માગે

-જયંત પાઠક

બચાવીને રહો નહિ જાતને જગના અનુભવથી
પ્રહારો યે જરૂરી છે  જીવનના શિલ્પ ઘડતરમાં
-જયંત શેઠ

ભલેને  મૌન હો પણ  હોઠ  જો મલકાઈ જાયે છે
તો સમજાવ્યા વિના અમને બધું સમજાઈ જાય છે
-જયંત શેઠ

અશક્તનું અક્કડપણું આશ્રિતની અવળાઈ
મતલબિયાની  મિત્રતા ત્રણે  અલેખે  જાય

નાટકિયો  રાજા  બને   માગણ મોંઘો થાય
લબાડ  આપે  વાયદા  ત્રણે  અલેખે  જાય

ક્રોધ  કરી  પામર વદે  ઢોંગી ગંગા  ન્હાય
ટીલાં  તાણે  તરકટી   ત્રણે  અલેખે  જાય
-જયંતીલાલ દવે

કહું છું  ક્યાં કે  પયગમ્બર બની જા
વધારે   ચાંદથી   સુંદર  બની  જા
જગે   પૂજાવું   જો    હોય    તારે
મટી જા  માનવી  પથ્થર બની જા
-જલન માતરી

દુ:ખી  થાવાને માટે  કોઈ ધરતી પર નહિ આવે
હવે સદીઓ જશે ને કોઈ પયગમ્બર નહિ આવે

હવે તો દોસ્તો  ભેગા મળી  વહેંચીને  પી નાખો
જગતના  ઝેર  પીવાને  હવે  શંકર નહિ  આવે
-જલન માતરી

શ્રદ્ધાનો હો વિષય તો પુરાવાની  શી  જરૂર
કુરાનમાં તો ક્યાંય  પયગમ્બરની સહી નથી
-જલન માતરી

હું  જો  અનુકરણ  ન  કરું  તો  કરું  શું
અહીંયા મરી જવાનો પ્રથમથી જ રિવાજ છે
-જલન માતરી

ગમે ના સૌ કવન તો  માફ કરજો એક બાબત પર
ખુદા જેવા ખુદાનાં ક્યાં બધાં સર્જન મજાનાં છે?
-જલન માતરી

હું તો નગરનો ઢોલ છું દાંડી પીટો મને
ખાલીપણું  બીજા તો કોઈ કામનું નથી
-જવાહર બક્ષી

સંત સપુત ને તુંબડાં ત્રણનો એક સ્વભાવ
કંઈ તાર્યા કંઈ તારશે તાર્યા ઉપર ભાવ
માયા માગણ મર્કટાં મંકોડી તે ચાર
વળગ્યાં છૂટે તે નહિ માટે તું સંભાળ
-જોઈતારામ ભગવાનદાસ

સુજ્ઞ કરે જ્યાં કામ ત્યાં મિથ્યા કરે લવાર
જાએ હસ્તી માર્ગમાં શ્વાન કરે પોકાર
પુસ્તક ભણી પંડિત થયો જાણ્યો નવ કંઈ સાર
કડછી પાક કરે ઘણાં સ્વાદ ન લહે લગાર
-જોઈતારામ ભગવાનદાસ

ઘટમાં ઘોડાં થનગને આતમ વીંઝે પાંખ
અણદીઠી ભોમકા પર યૌવન માંડે આંખ
-ઝવેરચંદ મેઘાણી

અસ્ત જાતા રવિ પૂછતા અવનિને
સારશે કોણ કર્તવ્ય મારાં
સાંભળી પ્રશ્ન એ સ્તબ્ધ ઊભાં સહુ
મોં પડ્યાં સર્વના સાવ કાળાં
તે સમે કોડિયું એક માટી તણું
ભીડને કોક ખૂણેથી બોલ્યું
મામૂલી જેટલી મારી ત્રેવડ પ્રભુ
એટલું સોંપજો તો કરીશ હું
-ઝવેરચંદ મેઘાણી

નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે
ખબર છે આટલી કે  માતની હાકલ પડી છે
-ઝવેરચંદ મેઘાણી

છેલ્લો કટોરો  ઝેરનો  આ પી જજો બાપુ
સાગર પીનારા અંજલિ નવ ઢોળજો બાપુ
-ઝવેરચંદ મેઘાણી

શા કાજ  આંસુ સારવા  શાને ઊંડા નિશ્વાસ
હસતે મુખે  પ્રારબ્ધના કરતા  જશું પરિહાસ
-ઝવેરચંદ મેઘાણી

તારા નામમાં  ઓ સ્વતંત્રતા
મીઠી આ શી વત્સલતાભરી
મુરદા   મસાણથી   જાગતાં
તારા શબ્દમાં  શી સુધાભરી
-ઝવેરચંદ મેઘાણી

પીપળ  પાન  ખરંતા  હસતી કુંપળિયાં
મુજ વીતી તુજ વીતશે ધીરી બાપુડિયાં
-ડાહ્યાભાઈ ધોળશાજી ઝવેરી

નહીં નમશે નહીં નમશે નિશાન ભૂમિ ભારતનું
-ત્રિભુવનદાસ ગૌરીશંકર વ્યાસ

અરે ન કીધાં કેમ  ફૂલ આંબે  કર્યા વળી કંટક  શા ગુલાબે
સુલોચનાને શિર અંધ સ્વામી અરે વિધાતા તુજ કૃત્ય ખામી
-દલપતરામ

કોયલ નવ  દે કોઈને  હરે ન કોનું  કાગ
મીઠાં વચનથી સર્વનો લે કોયલ અનુરાગ
-દલપતરામ

દેખ  બિચારી બકરીનો  કોઈ  ન જાતાં  પકડે કાન
એ ઉપકાર ગણી ઈશ્વરનો હરખ હવે તું હિન્દુસ્તાન
-દલપતરામ

ઝાઝા નબળાં લોકથી કદી ન કરીએ વેર
કીડી કાળા નાગનો પ્રાણ જ  લે આ પેર
-દલપતરામ

વા વાયો ને નળિયું ખસ્યું, એ  દેખીને  કૂતરું  ભસ્યું
ત્યાં  મચ્યો  શોર બકોર, કોઈ  કહે  મેં  દીઠો ચોર
-દલપતરામ

સદા સર્વને માન દો કદી  ન કરો અપમાન
આપે જે અપમાન નર  નકી એ જ નાદાન
-દલપતરામ

અન્યનું તો એક વાંકું આપના અઢાર છે
-દલપતરામ

પૂરી એક અંધેરી ને ગંડુ રાજા
ટકે શેર ભાજી ટકે શેર ખાજા
-દલપતરામ

અભિમાને દુ:ખ ઉપજે અભિમાને જશ જાય
મિથ્યા અભિમાને  કદી  જીવનું  જોખમ થાય
-દલપતરામ

પિંગળ પાઠ પઢ્યા વિના  કાવ્ય  કરે  કવિ કોઈ
વળી વ્યાકરણ વિના વદે: વાણી વિમળ ન હોય
-દલપતરામ

કાણાને કાણો કહે તો  કડવાં લાગે વેણ
હળવે રહીને પૂછીએ શાથી ખોયાં નેણ
-દલપતરામ

નિત્યે જવું નિશાળમાં,  ભણવું ચોઢી ચિત્ત
ગુરૂની  શિક્ષા માનવી,  રૂડી  રાખી  ચિત્ત
રાખો નહિ મન રમતમાં, સમજો સારી પેર
નિશાળમાંથી  નીસરી,  જવું  પાંસરું  ઘેર
-દલપતરામ

દિવસ ફરે તો દિલ વિશે અવળા સૂઝે ઉપાય
કાપી વાદીનો કંડિયો, મૂષક સર્પમુખ જાય
-દલપતરામ

જે તુજથી ના થઈ શકે, પ્રભુને એ જ ભળાવ
પાણિયારું નહિ પ્રભુ ભરે, ભરશે નદી-તળાવ
-દલપતરામ

પધારો એમ કહેવાથી પધારે તે પધાર્યા ના
નિમંત્રણ પ્રેમીને શેનાં અનાદર પ્રેમીને શાનો
વિનયની પૂરણી માગે અધુરી તેટલી પ્રીતિ
પ્રતીતિ પ્રેમની કરવા નથી અધિકાર આદરને
-દા.ખુ. બોટાદકર

કોણ પોતાનું? કોણ પરાયું? કોણ શત્રુ, કોણ ભ્રાત?
ઘટઘટમાં એક જ રામ રમે ત્યાં પરની ક્યાં છે વાત?
-દા.ખુ. બોટાદકર

મન્દાક્રાન્તા
એકાંતે કે જનસમૂહમાં રાખવી એક રીતિ
સ્વીકારેલો પથ ન ત્યજવો સંતની એ સુનીતિ
-દા.ખુ. બોટાદકર

ઉચ્ચાત્મા અસમાન ઉપર  ખરે ના  કોપ ક્યારે કરે
ચેષ્ટા તુચ્છ તણી  ઉદાર હૃદયે શું સ્થાન પામી શકે
-દા.ખુ. બોટાદકર

દેશ ને દીનને અર્થે ઓજસ્વી કર યૌવન,
ચિરંજીવી થશે બીજો બનીને વીર વિક્રમ
-દેશળજી પરમાર

શિખરિણી
વસી  ખૂણે  ખાતા મનુજ  નજરે પુષ્કળ પડે
અને વે'ચી ખાતા પણ બહુ વિવેકી જન જડે
પરંતુ  કૈં રાખ્યા  વગર નિજ સંચ્યું  જગતને
સમર્પી સંતોષે  વસવું  વિરલાથી  પ્રિય  બને
-દા.ખુ. બોટાદકર

કરી ઉપકાર  વારંવાર  એની  યાદ આપો ના
ખરેખરા ઘાવ પણ એથી કાતિલ નથી હોતા
-ધીરેન્દ્ર મહેતા

અંધશ્રદ્ધાનો  ન  એને  દોષ  દો
અંધને  શ્રદ્ધા ન  હોય  તો  હોય  શું?
જ્યાં ગુનાહો સાથ શ્રદ્ધા પણ વધે ત્યાં
ભલા  ગંગા  ન  હોય તો  હોય  શું?
-નઝીર ભાતરી

નથી નિપજતો પ્રેમ વાડીમાં પાણી પાતાં
નથી નિપજતો પ્રેમ તેલ ચોળ્યાંથી તાતાં
નથી મળતો કાંઈ પ્રેમ ગાંધી દોશીને હાટે
નથી મળતો કાંઈ પ્રેમ ખોળતાં વાટે ઘાટે
નથી મળતો પ્રેમ તપાસતાં ગુજરી ગામેગામની
કહે નરભો પ્રેમ પૂરો મળે કૃપા હોય શ્રી રામની
-નરભેરામ

જ્યારે પ્રગટ્યો પ્રેમ તુલસીના દળથી રાજી
જ્યારે પ્રગટ્યો પ્રેમ ખાધી ખીચડી ને ભાજી
જેને પ્રગટ્યો પ્રેમ પ્રેમને તે નર જાણે
જેને પ્રગટ્યો પ્રેમ તેહને વેદ વખાણે
મનમાં જો પ્રેમ પ્રગટ થયો એક રતીભર જેહને
કહે નરભેરામ ગુરુ થકી નિત બલિહારી તેહને
-નરભેરામ

કરીને યજ્ઞ અનેક વ્રત વિધિ બહુ પાળે
વળી આપે ગૌદાન હાડ હિમાળે ગાળે
ગીત વેદનાં ગાય તીર્થ બહુ ફરી આવે
દધિ દૂધ ઘૃત ખાંડ વિપ્ર પોષે મન ભાવે
એવાં તે સુકૃત કીધાં ઘણાં શું આપું જીભું ગણી
કહે નરભેરામ એ સર્વથી જ્ઞાન દાન શિરોમણી
-નરભેરામ

નથી મૃત્તિકામાં પ્રભુ નથી પિત્તળમાં પેઠો
કનકની  મુર્તિ કરે નથી ઈશ્વર મહીં બેઠો
નથી  ઘોરોમાં  પીર  નથી  જૈનોને  દેરે
અસલ  જૂએ નહિ કોય  સૌ નકલો  હેરે
-નરભેરામ

નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યું
તે જ  હું  તે જ  હું  શબ્દ  બોલે
-નરસિંહ મહેતા

ઘાટ ઘડ્યા પછી નામરૂપ જુજવાં
અંતે  તો  હેમનું  હેમ  હોયે
-નરસિંહ મહેતા

પક્ષાપક્ષી ત્યાં નહિ પરમેશ્વર સમદૃષ્ટિ ને સર્વ સમાન
-નરસિંહ મહેતા

હું કરું હું કરું એ જ અજ્ઞાનતા
શકટનો ભાર જ્યમ શ્વાન તાણે
-નરસિંહ મહેતા

ભલું થયું ને ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રી ગોપાળ
-નરસિંહ મહેતા

એવા રે અમો એવા રે એવા, તમે કહો છો વળી તેવા રે
-નરસિંહ મહેતા

વ્યર્થ ભયે રચી મૂર્તિ ભયાનક જગ બીતું રહ્યું રે લોલ
જ્ઞાનતણી તલવાર અડકતાં મૃત્યુ મરી ગયું રે લોલ
જોયું જીવનતત્વ સનાતન સત્ય પ્રકાશિયું રે લોલ
અમરપણું પ્રગટ્યું પછી તત્ક્ષણ મૃત્યુ મરી ગયું રે લોલ
-નરસિંહરાવ ભોળાનાથ

છે માનવી જીવનની ઘટમાળ એવી
દુખપ્રધાન સુખ અલ્પ થકી ભરેલી
-નરસિંહરાવ ભોળાનાથ

અંધકારમાં ઝબૂકી વીજ વિલીન થાય
ઉલ્કા સરે ગગનમાં ગગને સમાય
ગીતધ્વનિ પ્રકટી શૂન્ય વિષેજ ડૂબે
આનંદ માનવ ઉરે પળ માત્ર થોભે
-નરસિંહરાવ ભોળાનાથ

સહુ ચલો જીતવા જંગ બ્યૂગલો વાગે
યા હોમ કરીને પડો ફત્તેહ છે આગે
-નર્મદ

કહે નેપોલિયન દેશને કરવા આબાદાન
સરસ રીત તો એ જ છે દ્યો માતાને જ્ઞાન
-નર્મદ

સિંહને શસ્ત્ર શાં? વીરને મૃત્યુ શાં?
-નાનાલાલ

કપાયેલા વાંસના અંકુર ઉપર
વર્ષાની જલભરી વાદળી વરસે
ને ગગનભેદી વંશ ફૂટે
યૌવનનો એવો સ્નેહ, યૌવનરાજ
ફૂટ્યો છે તમારો આજ!
-નાનાલાલ

કુમારાંને તો કરમાવાનું
પછી હોય શું પુરુષ કે શું સુંદરીની વેલ
લગ્ન પ્રાણવિકાસનું વ્રત છે
સ્વર્ગપંથનું પગથિયું છે
માનવબાલનો ધર્મ્ય માર્ગ છે
પરણવું તે તો પ્રભુતામાં પગલાં માંડવાં
-નાનાલાલ

આત્મા ઓળખે તે વર, ને ન ઓળખે તે પર
-નાનાલાલ

રસ  તરસ્યા  ઓ બાળ રસની રીત મ ભૂલશો
પ્રભુએ  બાંધી  પાળ   રસ  સાગરની પુણ્યથી
-નાનાલાલ

હૃદયની આજ્ઞા એક અને ચરણના ચાલવાં  બીજાં
-નાનાલાલ

ધાબાં તો સૂર્યને ય છે
તેથી ભાસ્કરના ભર્ગ મટી
ઊંડા અંધકાર થયાં?
-નાનાલાલ

પાર્થને કહો ચડાવે બાણ, હવે તો યુદ્ધ એ જ કલ્યાણ
-નાનાલાલ

સમસ્ત દુનિયાના ઈતિહાસનું
મધ્યબિન્દુ એશિયા છે
ને એશિયાના ઈતિહાસનું કેન્દ્ર
ભરતખંડની મહાકથા છે
પૂર્વ અને પશ્ચિમના પલ્લાંની
દાંડી ભારત છે
ને ઉભય ગોલાર્ધની દૈવી સંપત્તિ
નજીકના ભવિષ્યમાં તે તોલશે
-નાનાલાલ

આર્ય સુજનતા દૈન્ય ગણી
તો યુદ્ધ એ જ યુગધર્મ
-નાનાલાલ

જગતની ભુલભુલામણીમાં રખે, બાપુ! ભૂલો પડતો
જજે શેર - શો જીવનપંથે, સીધો ઈતિહાસને ઘડતો
-નાનાલાલ

લજ્જા નમેલું નિજ મંદ પોપચું
કો મુગ્ધ બાલા શરમાતી આવરે
ને શોભી રહે નિર્મલ નેનની લીલા
એવી ઊગી ચન્દ્રકલા ધીરે ધીરે
-નાનાલાલ

આટલો સમય તમે ક્યાં હતા? મને મળ્યા કેમ મોડે મોડે?
હતો તમારા મનમાં પણ છતા થવું હતું મારે થોડે થોડે
આટલો સમય તમે તો દેહને જોયો દર્પણમાં કોડે કોડે
આજે જોયું મનને, જોયો સ્નેહને, હવે આપણે બે જોડે જોડે
-નિરંજન ભગત

રેલાઈ આવતી છો ને બધી ખારાશ પૃથ્વીની
સિંધુના ઉરમાંથી તો ઊઠશે અમી વાદળી!
-પૂજાલાલ

મનની સાથે વાત કરી મેં
પસાર આખી રાત કરી મેં
શું કામ એકલવાયા ઝૂરવું
શમણાંની બિછાત કરી મેં
એક નજાકત કોતર કામે
દિલમાં દિલની ભાત કરી મેં
મેં જ વગાડ્યાં મારા ડંકા
મંદિર જેવી જાત કરી મેં
-પ્રફુલ્લ પંડ્યા

સ્નેહી સાથે સુનમ્ર ધૂર્ત બકને જેનું ન માથું નમે
ગંગાનુંય મલિન પાણી તજીએ એ રાજહંસો અમે
-પ્રભાશંકર પટ્ટણી

વિચારો એવા છે કે અવનિ તળનું રાજ્ય કરવું
કૃતિઓ એવી છે કે રઝળી રખડી પેટ ભરવું
-પ્રભાશંકર પટ્ટણી

મારી આખી અવનિ પરની જિંદગીની વિશે મેં
રાખી હોયે મુજ અરિ પરે દૃષ્ટિ જે રીતની મેં
એવી એ જો મુજ ઉપર તું રાખશે શ્રી મુરારી
તોએ તારો અનૃણી થઈને પાડ માનીશ ભારી
-પ્રભાશંકર પટ્ટણી

હૃદયના શુદ્ધ પ્રેમીને નિગમના જ્ઞાન ઓછાં છે
ન પરવા માનની તો યે બધાં સન્માન ઓછાં છે

તરી જાવું બહુ સહેલું છે મુશ્કિલ ડુબવું જેમાં
એ નિર્મળ રસસરિતાથી ગંગાસ્નાન ઓછાં છે
-પ્રભુલાલ દ્વિવેદી

પ્રેમ આંધળો સહુ કહે કાપે દિલની પાંખ
પણ પ્રેમે અંધ થયા વિના નથી ઉઘડતી આંખ
-પ્રભુલાલ દ્વિવેદી

સરવર સૂના જળ વિના, ગોળ વિના કંસાર
તેમ જ સૂનો છે સદા સ્નેહ વિના સંસાર
-પ્રભુલાલ દ્વિવેદી

પડ્યા પર પાટું કદી દાઝયા ઉપર ડામ
દઈશ ના કોઈને કદી એ દુર્જનનું કામ
-પ્રભુલાલ દ્વિવેદી

સ્નેહભરી સૃષ્ટિ બધી, સ્નેહ જ સુખનું મૂળ
સ્નેહામૃત ચાખ્યા વિના ગઈ જિંદગી ધૂળ
-પ્રભુલાલ દ્વિવેદી

કદી નહિ કહું મને જ સ્મરણે સદા રાખજે
અને નયનપથનું અવર વિશ્વ તું ત્યાગજે
પરંતુ ગગનાંગણે અવનિમાં અને સિંધુમાં
મળે અધિક જે તને મુજ થકી ઉરે સ્થાપજે
-પ્રહ્લાદ પારેખ

પ્રેમ પંથ પાવકની જ્વાળા ભાળી પાછા ભાગે
માંહી પડ્યા તે મહાસુખ પામે દેખણહારા દાઝે
-પ્રીતમદાસ

તું નાનો હું મોટો એવો ખ્યાલ જગતનો ખોટો
આ નાનો આ મોટો એવો મૂરખ કરતાં ગોટો
ખારા જળનો દરિયો ભરિયો મીઠા જળનો લોટો
તરસ્યાને તો દરિયાથી યે લોટો લાગે મોટો
નાના છોડે મહેકી ઊઠે કેવો ગુલાબ ગોટો
ઊંચા ઊંચા ઝાડે શું જડશે એનો જોટો
-પ્રેમશંકર ભટ્ટ

એ જ્ઞાન અમને ગમતું નથી રૂષિ રાયજી રે
બાળક માંગે અન્ન લાગું પાયજી રે
-પ્રેમાનંદ

ઘડો ફૂટે રઝળે ઠીકરી મા વિના એવી દીકરી
ગોળ વિના મોળો કંસાર માત વિના સુનો સંસાર
-પ્રેમાનંદ

ડંકો વાગ્યો લડવૈયા શૂરા જાગજો રે
શૂરા જાગજો રે   કાયર ભાગજો  રે
-ફૂલચંદભાઇ શાહ

નિશાનચૂક માફ, નહિ માફ નીચું નિશાન
બ.ક.ઠા.

બેફામ  તોયે  કેટલું  થાકી  જવું  પડ્યું
નહિ તો જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી
-બરકત વિરાણી ‘બેફામ’

રડ્યા બેફામ સૌ  મારા મરણ પર એ જ  કારણથી
હતો મારો જ  એ અવસર ને મારી હાજરી નહોતી
-બરકત વિરાણી ‘બેફામ’

આ બધાં બેફામ જે આજે રડે છે મોત પર
એ બધાંએ જિંદગી આખી  રડાવ્યો છે મને
-બરકત વિરાણી ‘બેફામ’

કદર  શું  માંગુ  જીવનની  એ  જગત  પાસે
કે જ્યાંનાં લોકો સૌ કેવળ મરેલાને વખાણે છે
-બરકત વિરાણી ‘બેફામ’

ફક્ત એથી મેં મારા શ્વાસ અટકાવી દીધાં બેફામ
નથી જન્નતમાં જવું મારે દુનિયાની હવા લઈને
-બરકત વિરાણી 'બેફામ'

છે અહીં બેફામ કેવળ પ્રાણની ખુશ્બૂ બધી
પ્રાણ ઊડી જાય છે તો દેહ પણ ગંધાય છે
-બરકત વિરાણી 'બેફામ'

બેફામ મારા મૃત્યુ ઉપર સૌ રડે ભલે
મારા જનમ ઉપર તો ફક્ત હું જ રોઉં છું
-બરકત વિરાણી 'બેફામ'

મને કબૂલ છે મિત્રો તમે નિખાલસ છો
તમારી લાગણી છે એવો ભાસ તો આપો
મર્યા પછી તો કબર આપશે બધા બેફામ
મરી શકાય જ્યાં એવો નિવાસ તો આપો
-બરકત વિરાણી 'બેફામ'

બેફામ બંધ આંખે તું કેમ જોઈ શકશે
બેઠાં છે મારનારાં પણ તારા ખરખરામાં
-બરકત વિરાણી 'બેફામ'

જીવ્યો છું ત્યાં સુધી કાંટા જ વેઠ્યા છે સદા બેફામ
કબર પર ફુલ મૂકીને ન કરજો મશ્કરી મારી
-બરકત વિરાણી 'બેફામ'

ઓ હૃદય તેં પણ ભલા  કેવો ફસાવ્યો મને
જે નથી મારાં બન્યાં એનો બનાવ્યો છે મને
-બરકત વિરાણી 'બેફામ'

ખુદા તારી કસોટીની પ્રથા  સારી નથી હોતી
કે સારા હોય છે એની દશા સારી નથી હોતી
-બરકત વિરાણી 'બેફામ'

ખબર શું કે  ખુદા પણ  જન્મ આપી  છેતરી લેશે?
જીવ્યો ત્યારે જ જાણ્યું કે એ સાચી જિંદગી નહોતી.
-બરકત વિરાણી 'બેફામ'

દુ:ખ ને સુખ અંતમાં તાસીરમાં સરખાં નીકળ્યા
સાર  તકદીર  ને  તદબીરમાં સરખાં નીકળ્યા
કે  મળ્યાં  અશ્રુ  ને  પ્રસ્વેદ  ઉભય  નીર  રૂપે
સ્વાદ પણ  બેયના  એ  નીરમાં સરખા નીકળ્યાં
-બરકત વિરાણી 'બેફામ'

સફળતા  જિંદગીની  હસ્તરેખામાં  નથી  હોતી
ચણાયેલી  ઈમારત  એના  નકશામાં  નથી  હોતી
ગઝલમાં એ જ કારણથી હું મૌલિક હોઉં છું બેફામ
પીડા  મારાં  દુ:ખોની  કોઈ  બીજામાં  નથી  હોતી
-બરકત વિરાણી 'બેફામ'

છૂટ્યો જ્યાં શ્વાસ ત્યાં સંબંધ સૌ છૂટી ગયો બેફામ
હવા પણ કોઈએ ના આવવા દીધી કફનમાંથી
-બરકત વિરાણી 'બેફામ'

આ એક ગુનાહ ખુદાએ સ્વીકારવો પડશે
કે જાન લેવા મને એણે મારવો પડશે
-બરકત વિરાણી 'બેફામ'

મૂર્તિની સન્મુખ જઈને કેમ પ્રાર્થે છે બધાં
પીઠ પાછળ શું પ્રભુની પણ નજર રહેતી નથી
-બરકત વિરાણી 'બેફામ'

ઉડે એને ય પાડે છે શિકારી લોક પથ્થરથી
ધરા તો શું અહીં ખાલી નથી આકાશ ઠોકરથી
-બરકત વિરાણી 'બેફામ'

મહાલય જેના નકશામાં રહે છે ઘણાં એવા ય રસ્તામાં રહે છે
ઉઘડતાં આંખ દેખાતાં નથી એ હવે સપનાં ય સપનામાં રહે છે
-બરકત વિરાણી 'બેફામ'

એક મારો અંશ મારાથી જે પર બની ગયો
પાપી જગતની દ્દષ્ટિએ ઈશ્વર બની ગયો
-બરકત વિરાણી 'બેફામ'

એક માણસ જે રડતો હતો, રડતો હતો,
એ દીવાનો થઈ ગયો તો રોજ હસતો થઈ ગયો
કાવ્યના તો આજે ય મોંઘા મૂલ છે બેફામ પણ
દુઃખ તો એ છે કે કવિ પોતે જ સસ્તો થઈ ગયો
-બરકત વિરાણી ‘બેફામ’

સગાં દીઠા મેં શાહ આલમના ભીખ માંગતા શેરીએ
-બહેરામજી મલબારી

શાંતિ પમાડે તેને તો સંત કહીએ રે
તેના દાસના દાસ થઈને રહીએ રે
-બાપુસાહેબ ગાયકવાડ

અરે પ્રારબ્ધ તો ઘેલું રહે તે દૂર માગે તો
-બાલાશંકર

ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે
-બાલાશંકર

આવ્યો ક્ષણાર્ધ માટે ને રોકાણ થઈ ગયું
ચોર્યાસી લાખ જન્મનું કમઠાણ થઈ ગયું
ખુલ્લી હથેળીની કશી કીમત થઈ નહિ
મુઠ્ઠી કરી જો બંધ તો વેચાણ થઈ ગયું!
-ભગવતીકુમાર શર્મા

આખું ભલે હો ગામ અભણ છોડવું નથી,
શબ્દો વહેંચવાનું વલણ છોડવું નથી.
-ભગવતીકુમાર શર્મા

છે શક્ય અન્યને હું ઝાંઝવાં બતાવું ના કદી
છતાં પળે પળે સ્વયંને છેતરી શકાય છે!
-ભગવતીકુમાર શર્મા

સોળ સજ્યાં શણગાર તું ગોરી ભૂલી મેશનું ટપકું
કાજળ થઈને લાવ હું તારા ગાલને આછું અડકું!
-ભગવતીકુમાર શર્મા

એને કહેવું શું કે જે અષાઢ શ્રાવણમાં
કેસેટ સાંભળે ને ટહુકા ન સાંભળે!
-ભગવતીકુમાર શર્મા

એકલવ્યને અંગુઠેથી લોહી વહ્યાં'તાં રાતા
સદીઓથી તપવે છે સૂરજ તોય નથી સૂકાતાં
-ભગુભાઈ રોહડિયા

અમે શબદના કવિ ન ઉરના ન જીવન તણાં
વહાવી ઉરભાવને સતત વૈખરીમાં રમ્યા
અમે કવિતડું રચી હૃદયને મનાવી રહ્યા
તમે કવિત જીવતાં હૃદયને જીવાડી રહ્યાં
-ભાનુશંકર વ્યાસ બાદરાયણ

કોક દિન ઈદ અને કોક દિન રોજા
ઊછળે ને પડે નીચે જિંદગીના મોજા
-મકરંદ દવે

ગમતું મળે તો અલ્યા ગૂંજે ન ભરીએ
ને ગમતાંનો કરીએ ગુલાલ
-મકરંદ દવે

જેટલી વેદના એટલો સ્નેહ જેટલી લૂ ઝરે એટલો મેહ
ધન્ય છે વાહ કિરતાર તારી કળા તેં દીધી ચેતના ને દીધી ચેહ
-મકરંદ દવે

ઝાઝા છે ગુરુજીઓ ઝાઝા છે વળી ચેલા
એ દેશમાં છે માનવ મૃત્યુ વગર મરેલા
ઝાઝા છે પક્ષકારો ઝાઝા છે દેશનેતા
એ દેશમાં તો કાયમ છે વેંતિયા વિજેતા
-મકરંદ દવે

ભલે રક્ષજે નાથ સંહારકોથી
પરંતુ વધુ તેથી ઉદ્ધારકોથી
મને બીક છે કે અમે ડૂબવાના
અમારા બની બેસતા તારકોથી
-મકરંદ દવે

કદાચ આજ મરી જાઉં તો, કહો, શું બને?
વિચારું છું : કદાચ ઓળખીય જાઉં મને!
-મકરંદ દવે

જિંદગી ભાર માની નથી ને નિરાધાર માની નથી
ધૂળ ખંખેરી ધપતા જતાં હારને હાર માની નથી
-મકરંદ દવે

કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે
-મણિલાલ નભુભાઈ દ્વિવેદી

જનમનું એક બંધન જીવને જીવનથી બાંધે છે
જીવન જીવતાં જટિલ જંજાળ જગની રોજ બાંધે છે
મરણ તક બંધનોના બોજ ઓછા હોય એ રીતે
અહીંના લોક મડદાને ય મુશ્કેટાટ બાંધે છે
-મધુકર રાંદેરિયા

લાગે છે અવાચક થઈ ગઈ છે કલબલતી કાબર બહાર બધે
નહિ તો અહીં એકી સાથે આ શાયરના અવાજો શા માટે
આકાશી વાદળના નામે આ વાત તમોને કહી દઉં છું
કાં વરસી લો કાં વિખરાઓ આ અમથાં ગાજો શા માટે
-મધુકર રાંદેરિયા

સ્નેહ છે અગ્નિના  જેવો  સાવધાન સદા રહો
અતિદૂર ન દે ઉષ્મા દહે અતિસમીપ આવે તો
-મનસુખલાલ ઝવેરી

અમે મનુજ ! વિશ્વની સકલ યોજનામાં અમે
રહ્યા સતત અગ્રણી; પરમસત્ત્વ આ સૃષ્ટિમાં
-મનસુખલાલ ઝવેરી

આંખ ભીની હોય ત્યારે  સ્મિત મુખ પર જોઈએ
જિંદગીની  બેઉ  બાજુ  એમ  સરભર  જોઈએ
છો  રહે  ફોરમ  વિહોણા  જિંદગીના વસ્ત્ર  સૌ
ફૂલ પીસીને   કદી   મારે   ન  અત્તર  જોઈએ
-મનહરલાલ ચોક્સી

જીવન  ઉપાસનાની  સદા ધૂન  છે મને
હું  જિંદગીનો  એક નવો દૃષ્ટિકોણ  છું
મારી વિચાર જ્યોત મને માર્ગ  આપશે
છું એકલવ્ય હું જ અને  હું જ દ્રોણ છું
-મનહરલાલ ચોકસી

આપ  કરી  લે  ઓળખાણ એ સાચા  શબદનાં પરમાણ
સાકર કહે નહિ હું છું મીઠી  વીજ ન પૂછે  મુજને  દીઠી
મોત બતાવે  ન  યમની ચિઠ્ઠી  પેખ્યામાં   જ    પિછાણ
-મનુભાઈ ત્રિવેદી સરોદ

કાંઈ   રમ્ય  લાગ્યું   જતા   કાફલામાં
ભળી   હું   ગયો   ચાલતા   કાફલામાં
ને વિસ્મય જુઓ ખોજ કરતો'તો જેની-
સતત   કાફલો, એ   હતા  કાફલામાં
-મનુભાઈ ત્રિવેદી સરોદ

મને સદભાગ્ય કે શબ્દો મળ્યા તારે નગર જાવા
ચરણ લઈ દોડવા બેસું તો વરસોનાં વરસ લાગે
-મનોજ ખંડેરિયા

બધાનો  હોઈ  શકે  સત્યનો વિકલ્પ નથી
ગ્રહોની  વાત  નથી  સૂર્યનો વિકલ્પ નથી
કપાય કે ન બળે  ના ભીનો યા થાય જૂનો
કવિનો શબ્દ છે એ  શબ્દનો વિકલ્પ નથી
હજારો  મળશે મયૂરાસનો   કે  સિંહાસન
નયનનાં આંસુજડિત તખ્તનો વિકલ્પ નથી
લડી જ  લેવું  રહ્યું  મારી સાથે  ખુદ મારે
હવે તો  દોસ્ત આ સંઘર્ષનો  વિકલ્પ નથી
-મનોજ ખંડેરિયા

સકળ જીવનની પીડા અવતરે છે આંગળીમાંથી
ન થતી  જાણ  ને વીંટી  સરે  છે આંગળીમાંથી
ચમત્કારો નથી તો આ લખાતા શબ્દો બીજું શું
સતત કાગળ  ઉપર કંકુ  ખરે છે આંગળીમાંથી
-મનોજ ખંડેરિયા

કથામાંથી છટકેલ છળ છે કે શું?
ફરી એ જ માયાવી સ્થળ છે કે શું?
મને શબ્દ ખેંચી ગયો ક્યાંથી ક્યાં
એ સોના-હરણવાળી પળ છે કે શું?
-મનોજ ખંડેરિયા

એકલું લાગ્યું નથી ક્યારેય પણ એકાંતમાં
આ મનોમન ચાલતો સંવાદ પણ શું ચીજ છે
એ બની રહી આજ પર્યંત મારી સર્જકતાનું બળ
કોઈએ મૂંગી દીધેલી દાદ પણ શું ચીજ છે
-મનોજ ખંડેરિયા

લખવું છે નામ રેત પર કોને,
છે વફાદાર જળ-લહેર કોને.
બે ઘડી આ ગઝલ ગમી તો બસ,
દોસ્ત અહીં થાવું છે અમર કોને.
-મનોજ ખંડેરિયા

ઘસી ઘસીને ઘણા સાફ તો કરેલાં છે
છતાં વિચાર અમારા હજુય મેલાં છે
ભલેને અટપટા સૌ દાખલા છે સંબંધો
અહમને બાદ કરો તો જવાબ સહેલાં છે
-મનોજ જોશી

શ્રદ્ધાથી બધાં ધર્મોને વખોડું છું હું
હાથે કરીને તકદીરને તોડું છું હું
માગું છું દુઆ એ તો ફક્ત છે દેખાવ
તુજથી ઓ ખુદા હાથ આ જોડું છું હું
-મરીઝ

જિંદગીના રસને પીવામાં કરો જલદી મરીઝ
એક તો ઓછી મદિરા છે ને ગળતું જામ છે
-મરીઝ

બસ એટલી સમજ મને પરવરદિગાર દે
સુખ જ્યારે જ્યાં મળે બધાના વિચાર દે
-મરીઝ

જાહેરમાં એ દમામ કે પાસ આવવા ન દે
અંદરથી એ સંભાળ કે છેટે જવા ન દે
કેવો ખુદા મળ્યો છે ભલા શું કહું મરીઝ
પોતે ન દે બીજાની કને માગવા ન દે
-મરીઝ

જીવવા જેવા હતા એમાં ફક્ત બે ત્રણ પ્રસંગ
મેં જ આખી જિંદગીને જિંદગી સમજી લીધી
-મરીઝ

મારા કવનનું  આટલું  ઊંડું મનન ન કર
કંઈ યાદ  થઈ જશે તો ભૂલાવી નહીં શકે
ના માંગ એની પાસે  ગજાથી વધુ જીવન
એક પળ એ એવી દેશે વિતાવી નહીં શકે
અંતિમ દર્દ હોય  તો  આવે છે સ્તબ્ધતા
સાચો વિરહ છે એ  જે રડાવી નહીં શકે
તે  વેળા  માન   તારી  મહત્તા વધી ગઈ
જ્યારે તને  કશું  ય  સતાવી  નહીં  શકે
-મરીઝ

જઈને વતનમાં  એટલું જોયું  અમે  'મરીઝ'
મોટા બની ગયા છે બધા બાળપણના દોસ્ત
-મરીઝ

પ્રસ્વેદમાં   પૈસાની   ચમક  શોધે છે
હર ચીજમાં એ લાભની તક શોધે છે
આ દુષ્ટ જમાનામાં  રુદન શું કરીએ
આંસુમાં  ગરીબોના  નમક  શોધે છે
-મરીઝ

બે જણા દિલથી મળે તો એક મજલીસ છે મરીઝ
દિલ  વિના લાખો  મળે  એને સભા  કહેતા નથી
-મરીઝ

ગઝલમાં સૌ વિચારો મારા દર્શાવી નથી શકતો
ઘણું સમજું છું એવું જે હું સમજાવી નથી શકતો
ન સ્પર્શી કોઈ અવગણના કદી પણ મારા ગૌરવને
કે હું ઉપકાર છું એવો જે યાદ આવી નથી શકતો
-મરીઝ

સમય ચાલ્યો ગયો જ્યારે અમે મૃગજળને પીતાં'તાં
હતી જે એક જમાનામાં હવે એવી તરસ ક્યાં છે?
-મરીઝ

એની અંદર શું હશે મારી બલા જાણે 'મરીઝ'
બહાર તો પથ્થર મળ્યા મસ્જિદ અને મંદિરને
-મરીઝ

દુનિયામાં એને શોધ તું ઈતિહાસમાં ન જો
ફરતા રહે છે કંઈક પયમ્બર કહ્યા વિના
-મરીઝ

હોત એ પ્રત્યક્ષ તો પણ 'મરીઝ'
ક્યાં સુધી જોતે તમે કિરતારને?
-મરીઝ

મને શ્રદ્ધા ભલે ને હોય કે ઈશ્વર બધાનો છે,
દુઆ એવી કરું છું જાણે મારો એકલાનો છે.
-મરીઝ

હૃદય મારું વ્યાપક, નજર મારી સુંદર
કલા મારી મોહક વિચારે વિચારે
નથી આભને પણ કશી જાણ એની
કે મેં ચાંદ જોયા સિતારે સિતારે
-મરીઝ

વર્ષો સુધી સારી ભલે સંગત કરશે
પણ જન્મના સંસ્કાર ન હરગીઝ ફરશે
એ પૂજ્ય અને શાંત છે પણ ટકરાતાં
કાબાના ય પથ્થરમાંથી તણખા ઝરશે
-મરીઝ

આ એક ગુણ ખુદાનો અમારા જીવનમાં છે
વર્તન નથી સમાન અમારું બધાની સાથ
લો ઉન્નતિની આરઝુ પૂરી થઈ 'મરીઝ'
ઊડી રહી છે ખાક અમારી હવાની સાથ
-મરીઝ

સંભાળ દાનવીર કે પાછળથી થાય છે
પસ્તાવો કંઈક વાર અપાયેલા દાનમાં
કોઈ સહાય દેશે એ શ્રદ્ધા નથી મને,
શંકાનું હો ભલું કે રહું છું સ્વમાનમાં
-મરીઝ

જે એ કહે કોઈ ન વ્યસન હોવું જોઈએ,
કેવું અઘરું એનું જીવન હોવું જોઈએ!
પ્રેમાળ થઈને કોઈ શિખામણ દઈ શકે,
જીવનમાં એક એવું પતન હોવું જોઈએ!
-મરીઝ

મોત વેળાની આ ઐયાશી નથી ગમતી 'મરીઝ'
હું પથારી પર રહું ને આખું ઘર જાગ્યા કરે
-મરીઝ

થયું મોડું છતાંય કામ થયું
સૌને મોઢામાં રામ રામ થયું
સઘળા સદ્ગત્ મને કહે છે
ચાલો મૃત્યુ પછી તો નામ થયું
-મરીઝ

એ સૌથી વધુ ઉચ્ચ તબક્કો છે મિલનનો
કહેવાનું ઘણું હો ને કશું યાદ ન આવે
-મરીઝ

કિસ્મતને હથેળીમાં હંમેશાં રાખો,
ચહેરાની ઉપર એની ન રેખા રાખો,
દેવાને દિલાસો કોઈ હિંમત ન કરે,
દુઃખ દર્દમાં પણ એવી પ્રતિભા રાખો.
-મરીઝ

ઝેર તો પીધા છે જાણી જાણી મેવાડા રાણા
ઝેર તો પીધા છે જાણી જાણી
-મીરાંબાઈ

સાકર શેરડીનો સ્વાદ તજીને કડવો લીમડો ઘોળ મા રે
-મીરાંબાઈ

કિસ્સો કેવો સરસ મઝાનો છે
બેઉ વ્યક્તિ સુખી થયાનો છે
પલ્લું તારી તરફ નમ્યાનો તને
મુજને આનંદ ઊંચે ગયાનો છે
-મુકુલ ચોકસી

એવુ નથી કે પ્રેમમાં પડવું જ જોઈએ
પણ જો પડ્યાં તો બેઉને પરવડવું જોઈએ
જો વાયદો ન પાળવાના હો તો પછી
બહાનુંય સારું કાઢતા આવડવું જોઈએ
-મુકુલ ચોકસી

સીમમાં ઊભી
વાટ એકલી રુએ
આખી રાત
-મુરલી ઠાકુર

ઝાકળબિન્દુ
ચંદરમાનું આંસુ
લૂછે સૂરજ
-મુરલી ઠાકુર

તાંદુલી તત્વ હેમથી ભારે જ થાય છે
કિન્તુ મળે જો લાગણી ત્યારે જ થાય છે
જ્યાં ત્યાં કદીય હાથ ના લંબાવ ઓ હૃદય
મૈત્રીનું મૂલ્ય કૃષ્ણને દ્વારે જ થાય છે
-મુસાફિર પાલનપુરી

આપે છે દિલાસા અને રડવા નથી દેતા
દુ:ખ મારું મને મિત્રો જીરવવા નથી દેતા
આંસુઓ ટકાવે છે મને ભેજ બનીને
એ જીવતા માણસને સળગવા નથી દેતા
-રઈશ મનીઆર

સૂરજની સાથે જંગમાં હાર્યો નથી કદી
જીતું છું રોજ ભોમ હું પડછાયા જેટલી
મનમાં હજુ છે લાલસા હા, અશ્વમેઘની
પગને મળે જ્યાં માંડ જગા પગલાં જેટલી
-રઈશ મનીઆર

ગીત ગમતીલું ઝૂંટવે જો સમય
શબ્દ આપી દો, સૂર રહેવા દો
આંખ, હૈયું, દિમાગ, હાથ 'રઈશ'!
કૈંક તો બેકસૂર રહેવા દો
રઈશ મનીઆર

છો વેદ વાંચનારાને માનહાનિ લાગે
પ્રસ્વેદ પાડનારા અમને તો જ્ઞાની લાગે
મન સાફ હોય ત્યારે દુનિયા મજાની લાગે
આનંદ ઉચ્ચ લાગે, પીડા મજાની લાગે
-રઈશ મનીઆર

કિનારાઓ અલગ રહીને ઝરણને જીવતું રાખે
અલગતા આપણી એમ જ સ્મરણને જીવતું રાખે
અનાયાસે તો જીવનમાં બધું જ ભૂલી જઈએ, પણ-
પ્રયાસો વિસ્મરણના ખુદ સ્મરણને જીવતું રાખે
-રઈશ મનીઆર

ચેતજે જીતમાં ય હાર ન હો,
સુખ એ દુઃખનો કોઈ પ્રકાર ન હો;
એવો કોઈ મુગટ બન્યો જ નથી,
જેનો માથે જરાય ભાર ન હો.
-રઈશ મનીયાર

સાચો છું તો ય  મને સાબિત નહિ કરું
હું સત્યને એ રીતથી લજ્જિત નહિ કરું
-રઈશ મનીઆર

બળદની જેમ અટકું તો સમય ભોંકાય છે પીઠે
ખમી એવી પરોણા-ગત મને મેં જીવતો રાખ્યો
'જગત મિથ્યા' 'જગત મિથ્યા' 'જગત મિથ્યા' જ ચારેકોર
નિરંતર શોધવા 'તત્સત', મને મેં જીવતો રાખ્યો
-રઈશ મનીઆર

ના પાકે વિચારે કરે કામ જ્યારે
ન સારા પરિણાની  આશ ત્યારે
ફરે, ફાવતું  આવતું જેમ  જાય
અતોભ્રષ્ટ ને તે  તતોભ્રષ્ટ થાય
-રણછોડભાઈ ઉ. દવે

તાજનું  શિલ્પ કાવ્ય  નીરખીને  હર્ષનાં આંસુ  કૈંક લૂછે  છે
દાદ આપે છે શાહજહાંને સૌ એના શિલ્પીને કોણ  પૂછે છે
-રતિલાલ અનિલ

નથી એક માનવી પાસે બીજો માનવ હજી પહોંચ્યો
અનિલ  મેં સાંભળ્યું  છે  ક્યારનો બંધાય છે રસ્તો
-રતિલાલ અનિલ

પીળા પર્ણો ફરી નથી  થતાં કોઈ કાળે જ લીલાં
ભાંગ્યાં હૈયાં ફરી નથી  થતાં કોઈ કાળે  રસીલાં
પામે વૃદ્ધિ  ક્ષય પછી શશી  પ્રાણીનું એ ન ભાવિ
નાવે એને  ભરતી કદી  જ્યાં એકદા ઓટ આવી
-રમણભાઈ નીલકંઠ

સામ દામ  ભેદ દંડ  જે ઉપાય છે લખ્યા
ચાર તે નરોની બુદ્ધિશક્તિથી જ છે રચ્યા
રાજનીતિશાસ્ત્રકાર હોત  જો  સ્ત્રીઓ કદી
અશ્રુપાત પાંચમો  લખાત  શાસ્ત્રમાં  નકી
-રમણભાઈ નીલકંઠ

પ્રેમ  ને  સત્ય  એ  બન્ને  અંશો  એક  જ  ઈશના
તથાપિ  કેમ  દેખાતા  વિરોધી  માર્ગ  તેમના?
વિરોધી  સત્યનો  એવો  પ્રેમ  વિશ્વે  અશક્ય  છે
જ્યાં સત્ય ત્યાં જ છે પ્રેમ, જ્યાં પ્રેમ ત્યાં જ સત્ય છે
-રમણભાઈ નીલકંઠ

હું સૃષ્ટિના અતલ સિંધુનું માત્ર બિન્દુ
બિન્દુ વિષે ગણ પ્રસુપ્ત વિરાટ સિંધુ
-રમણલાલ પિતાંબરદાસ સોની

અહીં આપણે બે અને વરસાદ ભીંજવે
મને  ભીંજવે તું,  તને  વરસાદ ભીંજવે
-રમેશ પારેખ

હવે પાંપણોમાં અદાલત ભરાશે
મેં સ્વપ્ન નિરખવાના ગુના કર્યા છે
-રમેશ પારેખ

સ્પર્શ દઈ પાણી વહી જાતું હશે
ત્યારે આ પત્થરોને કંઈક તો થાતું હશે
-રમેશ પારેખ

મીરાં કે' પ્રભુ અરજી થઈને ઊભાં છીએ લ્યો વાંચો
વડી કચેરી તમે હરિવર હુકમ આપજો સાચો
-રમેશ પારેખ

તારો વૈભવ રંગમોલ, સોનું ને ચાકરધાડું
મારે ફળિયે ચકલી બેસે તે – મારું રજવાડું
-રમેશ પારેખ

ટપાલની જેમ તમે ઘર ઘર પ્હોંચો પણ
સમસ્ત શહેરના લોકો અભણ મળે તમને
-રમેશ પારેખ

પાંચીકાના હોય, હોય નહીં કદી સંતના ઢગલા
સંત સહુને મુક્તિ વહેંચે નહીં વાઘાં નહીં ડગલા
પડે ન સહેજે ખુદનો ડાઘો એમ જગતને અડે
દુર્લભ એ દરવેશ કે જેનાં કાળ સાચવે પગલાં
-રમેશ પારેખ

તબક્કો જુદા પડવાનો જુદાઈમાં ય  ના આવ્યો
તમે જુદા હતા ક્યાં કે તમારાથી જુદા પડીએ?
-રમેશ પારેખ

સંદર્ભો સમજાય  નહીં  તો ભાર બને છે
તુચ્છ તણખલું  અઘરું અપરંપાર બને છે

બારીને સમજ્યા તો અટક્યા ઉંબર પાસે
અને  રોજ બ્રહ્માંડ નવાં  બેચાર બને  છે
-રમેશ પારેખ

ફૂટશે જો આયનો  તો પ્રતિબિંબ ક્યાં જશે?
પથ્થર લઈ  ઊભો  છું  હું  એની તપાસમાં!

મથી  મથીને  થાકો  તો  યે  કયાં  તૂટે  છે?
ઊભી કરી મેં ભીંતો, જે મારી આસપાસમાં!
-રમેશ પારેખ

તારું કશું ન હોય તો  છોડીને આવ તું
તારું  જ બધું હોય તો  છોડી બતાવ તું
સાકરની  જેમ ઓગળી જઈશ હું પણ
છલકાતો  કટોરો  ભલેને  મોકલાવ તું
-રાજેન્દ્ર વ્યાસ મિસ્કીન

ઓરડામાં   એકાદ   ચિત્ર હોય પૂરતું છે
જીવનમાં એક સરસ મિત્ર હોય પૂરતું છે
મિલાવ  હાથ  ભલે  સાવ  મેલોઘેલો છે
હૃદયથી આદમી  પવિત્ર હોય  પૂરતું છે
–   રાજેશ વ્યાસ 'મિસ્કીન'

દેરી મંદિર  શોધી  શોધી  લોક નિરંતર  ફર્યા કરે છે
રોજ રોજ સરનામું બદલી  જાણે ઈશ્વર ફર્યા કરે છે
દર્શન છોડી પ્રદક્ષિણામાં રસ કેવો મિસ્કીન પડ્યો છે
ભીતર પ્રવેશવાને  બદલે  ચક્કર ચક્કર ફર્યા કરે છે
-રાજેન્દ્ર વ્યાસ મિસ્કીન

આપણે  આવળ  બાવળ બોરડી
કેસર   ઘોળ્યાં   ગલગોટા   જી
હલકાં  તો   પારેવાંની   પાંખથી
મહાદેવથી   પણ   મોટા   જી
આપણા ઘડવૈયા બાંધવ આપણે
આપણા ઘડવૈયા બાંધવ આપણે
-રાજેન્દ્ર શાહ

ઘરને ત્યજી જનારને મળતી વિશ્વતણી વિશાળતા
પછવાડે અડવા થનારને ભરખે ઘર કેરી શૂન્યતા
-રાજેન્દ્ર શાહ

આપણાં દુ:ખનું કેટલું જોર, ભાઈ રે
આપણાં દુ:ખનું કેટલું જોર
નાની એવી જાતક વાતનો મચાવીએ નહીં શોર
-રાજેન્દ્ર શાહ

લે આ મને ગમ્યું તે મારું પણ જો તને ગમે તો તારું
તું જીતે ને  થાઉં  ખુશી હું   લેને  ફરી ફરીને હારું
-રાજેન્દ્ર શુક્લ

ઉંબરાની કોરે બેસી બાળકની જેમ
સમયના  ટુકડાને  ચગળતું   મૌન
-રાજેન્દ્ર શુક્લ

સહુને મુજ અંતરે ધરું,
સહુને અંતર હું ય વિસ્તરું
-રાજેન્દ્ર શાહ

દયા બયા છે સહુ દંભ; મિથ્યા
આચાર બુઝ્વા જન માત્ર કલ્પિત
-રામનારાયણ વિ. પાઠક

ના નહિ કોઈ શાસ્ત્ર, હતી તંહિ કેવળ માણસાઈ
-રામનારાયણ વિ. પાઠક

રૂઝવે જગના જખ્મો આદર્યાં પૂરાં કરે
ચલાવે સૃષ્ટિનો તંતુ ધન્ય તે નવયૌવન
-રામનારાયણ વિ. પાઠક

કાશ એવું ય કોઈ નગર નીકળે
જ્યાં દીવાલો વગરનાં જ ઘર નીકળે
-રાહી ઓધારિયા

હાથ ના પકડે હકીકત તોય શું?
સ્વપ્ન જન્મ્યાં ત્યારથી પગભર હતાં!
–લક્ષ્મી ડોબરિયા

નાની અમથી વાત પર જાય છે સૌ જાત પર!
રહે અધૂરું સ્વપ્ન તો વાંક આવે રાત પર!
–લક્ષ્મી ડોબરિયા

અવાજને ખોદી શકાતો નથી
ને ઊંચકી શકાતું નથી મૌન!
-લાભશંકર ઠાકર

પ્રસંગોપાત જીવનમાં હસી લઉં છું, રડી લઉં છું
અને આ જીવવા જેવું જીવન જાતે ઘડી લઉં છું
મને શાબાશીના બે શબ્દ કહેનારા નથી મળતા
તો હું પોતે જ હાથે પીઠ મારી થાબડી લઉં છું

-લાભશંકર દવે

માંગવાનું કહે છે તો માંગી રહ્યો છું હે પ્રભુ
દઈ  દે  મન એવું કે... માંગે એ કશુંય નહીં
-વિપિન પરીખ

અસત્ય  કેવું  અધિકૃત  કરીને  સ્થાપે  છે
એ  વાત  વાતમાં  તારો  હવાલો  આપે  છે
બધું જે શુભ છે, એ સમજી લો દેન એની છે
અને   અશુભ  બધું   મારા-તમારા પાપે છે
-વિવેક કાણે

બધા ગતાનુગતિક ચિત્તવૃત્તિના છે શિકાર
ઉપર-ઉપરથી  ફકત  હાલચાલ નોખા છે
-વિવેક મનહર ટેલર

સમય  શબ્દ  ને  અર્થની  બહાર આવી
બધી   ઈચ્છા   ત્યાગી  ને  હોવું વટાવી
ઊભો  છું   ક્ષિતિજપારના  આ  મુકામે
તમે  ક્યાંના ક્યાં જઈને બેઠા છો આજે
-વિવેક મનહર ટેલર

ગફલતી છું   આદમી હું, ગમ નથી એનો મને
હું જ મારૂં છું રુદન ને હું જ મુજ રણહાક છું
આટલી કાપી મજલ ને  આટલું સમજી શક્યો
હું જ મારો છું  વિસામો, હું જ મારો થાક છું
-વેણીભાઈ પુરોહિત

## દશા અને દિશા

દશા પર દાઝનારા ને દશા પર દૂઝનારાઓ
નથી હોતા ખુમારીથી જીવનમાં ઝૂઝનારાઓ
દિશા જાણ્યા વિનાના છે દશાથી ધ્રૂજનારાઓ
કહી દો એમને કે હે દશાના પૂજનારાઓ
દશા તો છે સડક જેવી સડક ચાલી નથી શકતી
સડકને ખૂંદનારાને સડક ઝાલી નથી શકતી
-વેણીભાઈ પુરોહિત

જ્યાં જોગ નથી જ્યાં ભોગ નથી
સુખ દુઃખના જ્યાં સંજોગ નથી
જ્યાં પ્યાર કર્યાનું પાપ નથી
એવો જન્મારો શા માટે?

જીવનના મુસાફર શોધે છે
રસ્તામાં ઉતારો શા માટે?
કોઈ દિલની સરાઈ છોડીને
ગલીઓમાં ગુજારો શા માટે?
-વેણીભાઈ પુરોહિત

આજ નથી જાવું બસ કોઈના ય કામ પર
અલ્યા ધીંગા વરસાદ તારા નામ પર
-વેણીભાઈ પુરોહિત

વાડ થઈ ચીભડાં ગળે સોંઘી વસ્તુ ક્યાંથી મળે
ખળું ખાતું હોય જો અન્ન તો જીવે નહિ એકે જન
-શામળ ભટ્ટ

જટા ધરે વડ વૃક્ષ પતંગ નિજ બાળે કાયા
જળચર જળમાં નહાય ધ્યાન ધરવા ખગ ધાયા
ગાડર મૂંડાવે શીશ અજા મુખ દાઢું રાખે
ગદર્ભ લોટે છાર શુક મુખ રામ જ ભાખે
મોર તજે છે માનને શ્વાન સઘળાંનું ખાય છે
ભટ્ટ શામળ કહે સાચા વિના કોણ સ્વર્ગે જાય છે
-શામળ ભટ્ટ

અન્ન આ જગતનો આધાર અન્ન દૈવત મોટું
અન્ન વીણ ન રહે જીવ અન્ન વીણ સર્વે ખોટું
અન્ન વિના સુખ અલ્પ અન્ન વણ ચરણ ન ચાલે
ભાવે નહિ મન ભક્તિ અન્નવીણ મોજ શી મહાલે
અન્ન વિના ઈશ ન વહાલો જ્ઞાન ગુણ નવ ગમે
શામળ કહે સેવો અન્નપૂર્ણા સકળ દુઃખ એથી શમે
-શામળ ભટ્ટ

નાઠે ન મૂકે ભૂખ, દુઃખ નાઠે નવ જાયે
નાઠે ન મૂકે ભોગ, રોગ નાઠે પણ થાયે
નાઠે ન મૂકે તાવ, પાપ નાઠે નવ છૂટે
નાઠે ન રહે લાજ, ચોર કે હાકેમ લૂંટે
-શામળ ભટ્ટ

જે જાયું  તે જાય,  જેહ ફૂલ્યું  તે ખરશે
ભર્યું  તે  ઠલવાય, ચઢ્યું  તે  ઉતરશે
લીલું  તે  સૂકાય,  નવું  તે  જૂનું  થાશે
આયુષવશ  સૌ કોઈ,  કાળ સૌને ખાશે
કોઈ સાઠ સિત્તેર, કોઈ પોણો સો એંસી
જે જાયુ  તે જાય,  નથી રહેવાનું  બેસી
વળી ગયા રામ ને રાવણ,  ગયા દેવ ને દાનવી
સતવાદી સુલક્ષણા ગયા, કોણ માત્રમાં માનવી
-શામળ ભટ્ટ

મોટા  કેરું  છીદ્ર  કાઢશે  તે  દંડાશે
મોટા  સાથે  વેર  કરે  તો  સ્ત્રી રંડાશે

મોટા સાથે પ્રીત  પીડા  કોક  દી  કરશે
મોટા સાથે  મમત કીધે  વણમોતે મરશે

મોટા  આવે  ઘેર  સ્વાર્થને  તે તો  તાકે
મોટાથી  વહેવાર કરે  તે  આખર  થાકે
-શામળ ભટ્ટ

ઉજ્જડ ખેડાં ફરી વસે નિર્ધનિયાં ધની હોય
ગયાં  ન  જોબન સાંપડે મુઆ ન જીવે કોય
-શામળ ભટ્ટ

બંધનમાં વીંટાયા  વિના મુક્તિ નહીં જડે
ઊંડાણે  ઊતર્યા  વિના  મોતી નહીં જડે
હસ્તીને ગુમાવ્યા વિના  હસ્તી નહીં જડે
મઝધારમાં ડુબ્યા વિના કિશ્તી નહીં જડે
-શાહબાઝ

પાંપણ ઝુકી ગઈ છે  એ શરણાગતિ નથી
સૌંદર્યની   હજૂરે   પ્રણયનો  વિવેક   છે

આંખો  ભરીને  બેઠી  છે  દરબાર દર્દનો
દિલમાં કોઈની  યાદનો રાજ્યાભિષેક છે
-શૂન્ય પાલનપુરી

ભક્તિ કેરી કાકલૂદી  સ્વાર્થ કેરા જાપ બંધ
શંખનાદો ઝાલરો  ને બાંગના આલાપ બંધ
મેં જરા મોટેથી પૂછ્યો પ્રશ્ન કે  હું  કોણ છું
થઈ ગયા ધર્માલયોના દ્વાર આપોઆપ બંધ
-ઉમ્મર ખૈયામ
અનુવાદઃ શૂન્ય પાલનપુરી

ત્રાસી ગયો છું એટલો  એક જ અનુભવે
બીજો ખુદા નિભાવી શકું એ જીગર નથી
-શૂન્ય પાલનપુરી

મનની  મર્યાદા તજી  એનું જ આ પરિણામ છે
એમ લાગે છે  કે સચરાચર  હવે મુજ ધામ છે
કોઈ  કાબા  હો કે મંદિર ભેદ છે  સ્થાપત્યનો
પૂજ્ય થઈ જાયે  છે  પથ્થર આસ્થાનું  કામ છે
-શૂન્ય પાલનપુરી

કાબા ને સોમનાથના પાષાણ ભિન્ન છે
સમજી શકો તો એથી વધુ ફેર કૈં નથી
-શૂન્ય પાલનપુરી

ઝાંઝવા જળ સીંચશે એ આશ પર
રણમાં  તૃષ્ણાએ  કરી  છે વાવણી
-શૂન્ય પાલનપુરી

પડાઘાતી એક શબ્દની અણબૂઝ વાત છું,
ભણકાર કહી રહ્યા છે  હજી હું હયાત છું.
ઇશ્વર નથી  કે  શબ્દથી જકડી શકો મને,
નિર્મોહી શૂન્ય છું, અને તે પણ અજાત છું
-શૂન્ય પાલનપુરી

મોતની સાથે  જીવનની અવિરામ લડતને  શું કહેવું
શ્વાસે  શ્વાસે  ખેલાતાં   આ  પાણીપતને   શું કહેવું
યાદ કોઈની દિલમાં આવી દિલની માલિક થઈ બેઠી
શૂન્ય  હવે  આ  સત્તાલોભી  શરણાગતને શું કહેવું
-શૂન્ય પાલનપુરી

જેમની સંસારમાં વસમી સફર હોતી નથી
તેમને શું છે જગત તેની ખબર હોતી નથી
જિંદગી ને મોતમાં છે માત્ર ધરતીનું શરણ
કોઈની વ્યોમે હવેલી કે કબર હોતી નથી
-શૂન્ય પાલનપુરી

જેનાં કદમ અસ્થિર હો એને રસ્તો કદી નથી જડતો
અડગ મનના પ્રવાસીને હિમાલય પણ નથી નડતો
સદા સંસારીઓ પર શ્રાપ છે સંતાપ સહેવાનો
ધરાથી દૂર ઉડનારાને પડછાયો નથી નડતો
-શૂન્ય પાલનપુરી

નથી માનવકીકીથી વધુ સૃષ્ટિની મર્યાદા
પછી કેવા ભરમમાં ઈશ્વરે લીલા વધારી છે
વિઘાતક છે જે ફૂલોનાં એ પથ્થરના પૂજારી છે
પ્રભુ તુજ નામની પણ કેટલી ખોટી ખુમારી છે
-શૂન્ય પાલનપુરી

કોઈને નાત ખટકે છે કોઈને જાત ખટકે છે
અમોને સંકૂચિત દૃષ્ટિ તણો ઉત્પાત ખટકે છે
નથી એ ધર્મના ટીલાં કલંકો છે મનુષ્યોનાં
વિરાટોના લલાટે અલ્પતાની ભાત ખટકે છે
-શૂન્ય પાલનપુરી

સમંદરને ક્યાંથી ગમે ભલા બુદબુદની પામરતા
અમોને પણ અમારા દેહની ઓખાત ખટકે છે
દઈ વર્ચસ્વ સૃષ્ટિ પર ભલે રાચી રહ્યો ઈશ્વર
અમોને દમ વિનાની શૂન્ય એ સોગાત ખટકે છે
-શૂન્ય પાલનપુરી

હસે જે મારી મુક્તિ પર એ કેવળ ભીંત ભૂલે છે
નથી ડરતો જરા પણ હું જીવનની દુર્દશાઓથી
જો પ્રકટાવી શકું છું દીપ તોફાની હવાઓમાં
બચાવી પણ શકું છું એને તોફાની હવાઓથી
-શૂન્ય પાલનપુરી

સ્વાર્થની આ તો છે ભક્તિલીલા બધી
આત્મપૂજા વિના શૂન્ય આરો નથી
એક ઈશ્વરને માટે મમત કેટલી
એક શ્રદ્ધાને માટે ધરમ કેટલાં
-શૂન્ય પાલનપુરી

બાવરા થઈને કદી દરદર ન ભમવું જોઈએ
ભાગ્ય સારું હો કે નરસું મનને ગમવું જોઈએ
વ્યોમની ચોપાટ છે ને સોગઠાં પુરુષાર્થનાં
જેમ પડતા જાય એમ રમવું જોઈએ
-શૂન્ય પાલનપુરી

તું આવ કે ન આવ  જશે તું જ ખોટમાં
પૂજા તો  થઈ શકે છે  ગમે તે પ્રતિકથી
-શૂન્ય પાલનપુરી

જીવનમાં  કેમ  તારી કૃપાઓથી દૂર છું?
એ તો  નથી કસૂર  કે  હું  બેકસૂર છું ?
છું શૂન્ય એ ન ભૂલ હે અસ્તિત્વના ખુદા
તું તો હશે  કે કેમ પણ  હું તો  જરૂર છું
-શૂન્ય પાલનપુરી

ચઢાવું  બંદગીને   અબઘડી   હું  ઠોકરે, કિંતુ
ખુદા લાચાર થઈ જાએ! નથી મંજૂર એ મુજને.
-શૂન્ય પાલનપુરી

'શૂન્ય' જા ખેલ જીવ પર આવી, મોતથી જીવ પર નથી હોતો;
માથું ઊંચકે છે  જ્યારે પરપોટો,  નાશનો એને ડર નથી હોતો
-શૂન્ય પાલનપુરી

પ્રેમ છે એવી આગનું નામ, ચાંદને પણ જઈ આપે ડામ.
દિલનો સોદો  પ્રાણના  મૂલે,  સોંઘી વસ્તુ  મોંઘા  દામ.
-શૂન્ય પાલનપુરી

શી રીતે મન ડામશે, રંગ અદ્‌ભુત જામશે
બ્રહ્મચારી  સ્વર્ગમાં  અપ્સરાઓ  પામશે!
-શેખાદમ આબુવાલા

દમકતો ને ચમકતો શાહજહાંનો મહેલ જોવા દે
મને ધનવાન મજનૂએ કરેલો ખેલ જોવા દે
પ્રદર્શન કાજ ચાહત કેદ છે જેમાં જમાનાથી
મને એ ખૂબસૂરત પથ્થરોની જેલ જોવા દે
-શેખાદમ આબુવાલા

કેવો તું કિંમતી હતો સસ્તો બની ગયો
બનવું હતું નહીં ને શિરસ્તો બની ગયો
ગાંધી તને ખબર છે કે તારું થયું છે શું
ખુરશી સુધી જવાનો તું રસ્તો બની ગયો
-શેખાદમ આબુવાલા

મુહોબ્બતના સવાલોના કોઈ ઉત્તર નથી હોતા
અને જે હોય છે તે એટલા સદ્ધર નથી હોતા
મળે છે કોઈ એક જ પ્રેમીને સાચી લગન દિલની
બધાય ઝેર પીનારા કંઈ શંકર નથી હોતા
-શેખાદમ આબુવાલા

અમને નાખો જિંદગીની આગમાં
આગને પણ ફેરવીશું બાગમાં
સર કરીશું આખરે સૌ મોરચા
મોતને પણ આવવા દો લાગમાં
-શેખાદમ આબુવાલા

મરીશું તો અમે ખુદ મોત માટે જાન થઈ જાશું
રહીશું બાગમાં તો આગનો સામાન થઈ જાશું
ઉછાળા મારીને અમને ન પાછા વાળ ઓ સાગર
કિનારો આવશે તો ખુદ અમે તોફાન થઈ જાશું
-શેખાદમ આબુવાલા

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે
ક્યારે થઈશું બાહ્યાન્તર નિર્ગ્રન્થ જો
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને
કવ વિચરશું મહત પુરુષને પંથ જો
-શ્રીમદ્ રાજચંદ્ર

હું કોણ છું ક્યાંથી થયો શું સ્વરૂપ છે મારું ખરું
કોના સંબધે વળગણા છે રાખું કે એ પરહરું
એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યાં
તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંત તત્વ અનુભવ્યાં
-શ્રીમદ્ રાજચંદ્ર

હું માનવી માનવ થાઉં તો પણ ઘણું
-સુન્દરમ્

હણો ના પાપીને દ્વિગુણ બનશે પાપ જગનાં
લડો પાપો સામે વિમળ દિલના ગુપ્ત બળથી
-સુન્દરમ્

હું ચાહું છું સુન્દર ચીજ સૃષ્ટિની
ને જે અસુન્દર રહી તેહ સર્વને
મૂકું કરી સુન્દર ચાહી ચાહી!
-સુન્દરમ્

ન રૂપરમણી ન કોમળ કળાભરી કામિની
નહીં સુરભિવંત રંગરસિયેણ તું પદ્મિની

છટા નહિ ન શોખ ના થનગનાટ ના અબ્ધિની
ગંભીર ભરતીહુલાસ તુજમાં નહીં ભામિની

પણ તું મનુજ છે વિશેષ મુજ ઈશદીધી વહુ
દીધું ગૃહ પથારી અર્ધ ઉર દેઈ કાં ન ચહું?
-સુન્દરમ્

તને મેં ઝંખી છે
યુગોથી ધીખેલા પ્રખર
સહરાની તરસથી
-સુન્દરમ્

જગની સૌ કડીઓમાં
સ્નેહની સર્વથી વડી
-સુન્દરમ્

રોજ  જીર્ણોદ્ધાર  પામે  ધર્મસ્થાનો  આપણાં,
કોઈએ, માણસ સતત ખરતો હતો, જોયો જ નહિ !
ટોળું બોલ્યુંઃ 'ધર્મ ભયમાં છે'... અને દોડ્યા બધા,
કોઈનો  એ  કાંકરીચાળો  હતો,  જોયો જ નહિ !

-સુનીલ શાહ

માર્ગની આ ધૂળને શું ઉન્નતિ કે શું પતન?
સર્વનાં  ચરણો તળે ચંપાઈ જાવું  એ જીવન

-સુરેન ઠાકર 'મેહુલ'

જે મસ્તી હોય આંખોમાં સુરાલયમાં નથી હોતી
અમીરી કોઈ  અંતરની  મહાલયમાં નથી હોતી

શીતળતા પામવાને  માનવી  તું  દોટ  કાં મૂકે
જે માની ગોદમાં છે એ હિમાલયમાં નથી હોતી

-સુરેન ઠાકર 'મેહુલ'

જે કહ્યું માને વિધાતાનું  એ મુકદ્દર હું નહીં
આટલો વૈભવ છતાં ખારો સમંદર હું નહીં
મેં મુકદ્દરથી ઘણુંયે મેળવ્યું  'મેહુલ'  અહીં
જાય ખાલી હાથ તે પેલો સિકંદર  હું નહીં

સુરેન ઠાકર 'મેહુલ'

રાતદિવસનો રસ્તો વ્હાલમ નહિ તો ખૂટે કેમ
તમે કરજો પ્રેમની વાતો અમે કરીશું પ્રેમ
-સુરેશ દલાલ

આટલું બધું વ્હાલ તે કદી હોતું હશે
કોઈ પારેવું વાદળ ભરી રોતું હશે
-સુરેશ દલાલ

જુઓ અપાતું અહીં માનપત્ર, આવે ન આવે ફરી પુણ્યપર્વ
આ નોળિયો ડોક ઝુકાવી ઊભો ને સાપ આપે લળી હાર તોરો
-સુરેશ હ. જોષી

કમળની કમનસીબી કે રવિ દાસત્વ સ્વીકાર્યું
વિકસવાની તમન્નામાં અરે એ જિંદગી હાર્યું
થઈને ઓશિયાળું એ પ્રભાતે ભીખ માંગે છે
રવિ નિજ તેજ કિરણો દઈ કેવો ગર્વિષ્ઠ લાગે છે
-સુશીલા ઝવેરી

કોઈ સ્મિતે સ્મિતે સળગે છે કોઈ રડીને દિલ બહેલાવે છે
કોઈ ટીપે ટીપે તરસે છે કોઈ જામ નવા છલકાવે છે
સંજોગોના પાલવમાં છે બધું દરિયાને ઠપકો ના આપો
એક તરતો માણસ ડૂબે છે એક લાશ તરીને આવે છે
-સૈફ પાલનપુરી

જીવનની સમી સાંજે મારે જખ્મોની યાદી જોવી હતી
બહુ ઓછાં પાનાં જોઈ શક્યો બહુ અંગત અંગત નામ હતાં
-સૈફ પાલનપુરી

ફરતી પીંછી
અંધકારની દીપ
નહિ રંગાય
-સ્નેહરશ્મિ

રાત અંધારી
તેજ તરાપે તરે
નગરી નાની
-સ્નેહરશ્મિ

પતંગિયું ત્યાં
થયું અલોપ, શૂન્ય
ગયું રંગાઈ
-સ્નેહરશ્મિ

ઝાપટું વર્ષી
શમ્યું વેરાયો ચંદ્ર
ભીના ઘાસમાં
-સ્નેહરશ્મિ

બકરો મસ્ત
ચરે ડુંગરે ઈદ
એની ઢૂંકડી
-સ્નેહરશ્મિ

ખંખેરી ધૂળ
પત્નીની પતિદેવ
વાસીદુ વાળે
-સ્નેહરશ્મિ

શમતા ગિરિદવ કારમા શમે સિન્ધુ ઘુઘવાટ
અવસર ચૂકે તેમના શમે ન ઉર ઉચાટ
-સ્નેહરશ્મિ

એકલ પાંખ ઉડાય ના
એકલ નહિ હસાય
એકલ રવિ નભ સંચરે
એની ભડકે બળે કાય
-સ્નેહરશ્મિ

હૈયે વડવાનળ જળે તો યે સાગર ગાય
હસી જાણે જગ ઝેર પી યૌવન તે કહેવાય
-સ્નેહરશ્મિ

સડક ચાલનારાની  પાછળ રહી છે
અને સાવ  એકલતા  એણે સહી છે
સમર્પણનો રસ્તો પ્રસિદ્ધિથી  પર છે
નદી નામ પાડ્યા વિના પણ વહી છે
-હરકિશન જોષી

મને આ જોઈને હસવું હજારો વાર આવે છે
પ્રભુ  તારા બનાવેલા  તને આજે બનાવે છે
-હરજી લવજી દામાણી શયદા

કાળની   સાથે  કર્યો   છે  વાયદો
ચાલશે  નહિ  ત્યાં   કોઈ  કાયદો
કામ કરવું છે તો શયદા આજ કર
કાલની   વાતો  કર્યે  શો   ફાયદો
-હરજી લવજી દામાણી શયદા

નમ્ર થા  નીચી નજર કર  શોધ એને ઉરમાં
ઊંચે  ઊંચે જાય છે   ઊંચે નહિ  ઈશ્વર મળે
બુદ્ધિને  હું  શું કરું? છે  બુદ્ધિમાં બાજીગરી
એ જ વસ્તુ  કામની છે  બુદ્ધિથી જે પર મળે
-હરજી લવજી દામાણી શયદા

જતાં  ને આવતાં  મારે જ રસ્તે બની પથ્થર હું પોતાને નડ્યો છું
તમો શોધો તમોને  એ જ  રીતે  હું ખોવાયા પછી મને જડ્યો છું
-હરજી લવજી દામાણી શયદા

દેખાય નહીં ત્યાં સુધી ઈશ્વર છે સલામત,
ક્યારેક જો દેખાય તો ચિંતાનો વિષય છે.
-હર્ષ બ્રહ્મભટ્ટ

અમે રાખમાંથી યે બેઠા થવાના, જલાવો તમે તોયે જીવી જવાના.
ચલો હાથ સોંપો, ડરો ન લગીરે, તરી પણ જવાના ને તારી જવાના.
હર્ષ બ્રહ્મભટ્ટ.

ગરજતા મેઘ લઈને વાદળાં ઘનઘોર આવ્યાં છે
નવાં કૈં ગીત લઈને કેટલા ટાગોર આવ્યા છે
મને આ ચૂપ ભાળીને, ફરી ગાતો કરી દેવા
પવન, વરસાદ, વાદળ, વીજ, ચારેકોર આવ્યાં છે
-હર્ષદ ચંદારાણા

હતી પ્રથમ હા પળેપળ હું તારી પ્રાણપ્રિયા
બની ક્રમે ક્રમે હું સદ્ય સુભગા ગૃહિણી પછી
હવે શ્રવણ પર ખરે તવ મુખેથી ચંડી સદા
ન જાણું કઈ રે ક્ષણે સુણી રહીશ ચામુંડિકા
-હરિવલ્લભ ભાયાણી

રહી પાછળ અમે જોયો ખરો ચહેરો આ દુનિયાનો,
ભલેને ભાગ્ય મારું બે કદમ આગળ તો આગળ છે.
ભલેને હોય કાંટાળો, કશેક લઈ જાય છે રસ્તો,
ભલેને હોય સોનાની છતાં સાંકળ તો સાંકળ છે
હર્ષવી પટેલ

ભલે મન વિવેકહીન તિમિરે સદા આથડે
અને હૃદય કલ્પનારહિત કૂપમાંહી પડે
ભલે સકલ જિંદગાની રસરંગહીણી જતી
પરંતુ નહિ નમ્રતારહિત ચિત્ત થાજો કદી
-હરિહર ભટ્ટ

રે મન, ચાલ મહોબત કરીએ
નદી નાળામાં કોણ મરે ? ચલ, ડૂબ ઘૂઘવતે દરિએ!
-હરીન્દ્ર દવે

તરસની માંડ પડે ટેવ ને અચાનક ત્યાં
વસંત જેવું મળી જાય કોઈ વેરાને
કોઈ એકાન્તમાં ધરબાઈ જવા નીકળ્યો'તો
તમે મળી ગયા કેવા અવાવરુ સ્થાને!
-હરીન્દ્ર દવે

હોઠ હસે તો ફાગુન ગોરી આંખ ઝરે તો સાવન
મોસમ મારી તું જ કાળની મિથ્યા આવનજાવન
-હરીન્દ્ર દવે

રાજઘાટ પર
આટલાં ફૂલો નીચે ને આટલો લાંબો સમય
ગાંધી કદી સૂતો ન'તો
-હસમુખ પાઠક

દશાઓ એમ સુધરતી નથી ઈશ્વર બદલવાથી
સવાલો ક્યાં કદી બદલાય છે ઉત્તર બદલવાથી
જરૂરી છે એ લય ને તાલ છે, જે લોહીમાં મળશે
નથી કંઈ ફાયદો ઓ નર્તકી, ઝાંઝર બદલવાથી
-હિતેન આનંદપરા

મન ન માને એ જગાઓ પર જવાનું છોડીએ
કોઈના દરબારમાં હાજર થવાનું છોડીએ
કંઠને શોભે તો શોભે માત્ર પોતાના અવાજ
પારકી રૂપાળી કંઠી બાંધવાનું છોડીએ
-હેમેન શાહ

સાવ નાનું ઘર હશે તો ચાલશે મોકળું ભીતર હશે તો ચાલશે
ધરતી કોરીકટ રહે તે કરતાં તો છાપરે ગળતર હશે તો ચાલશે
હાથ લંબાવું ને તું હોય ત્યાં એટલું અંતર હશે તો ચાલશે
પ્રાણ પૂરવાનું છે મારા હાથમાં એ ભલે પથ્થર હશે તો ચાલશે
-હેમાંગ જોશી